Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन धर्म प्रकाश.

पिता योगाभ्यासो विषयविरतिः सा च जननी ।
विवेकः सोदर्यः प्रतिदिनमनीहा च भगिनी ॥
प्रिया क्षांतिः पुत्रो विनय उपकारः प्रियसुहृत् ।
सहायो वैराग्यं गृहमुपशमो यस्य स सुखी ॥ १ ॥

પુસ્તક ૩૩ મું. ] અષાડ. સંવત ૧૯૭૩. વીર સંવત ૨૪૪૩. [ અંક ૪ થો.

## स्वगुण विना हीनता.

રેખતા—રાગ.

નથી જ્યાં નીતિની રીતિ, નથી જ્યાં પાપની ભીતિ;
નથી કર્તવ્ય–પાલન જ્યાં, કહો (તે) ઇનસાન શી રીતે ? ૧
ગુલાબી જ્યાં નથી પુષ્પો, નથી મધુરાં ફળો પણ જ્યાં;
મળે ના શાંતિ જનને જ્યાં, કહો તે બાગ શી રીતે ? ૨
નથી જ્યાં કાંઈ કોમળતા, નથી સુખકારી સુરભિ જ્યાં;
ન ગુંજે જ્યાં ભ્રમર આવી, કહો તે પુષ્પ શી રીતે ? ૩
નથી જ્યાં રહેમની રેખા, નથી જ્યાં પ્રેમની પરવા;
નથી ગુણગ્રાહ્યતા કંઇ જ્યાં, કહો તે આર્ય શી રીતે ? ૪
નથી જ્યાં નાથને માટે, અમૂલી પ્રાણ–અર્પણતા;
નથી જ્યાં સ્નેહ કે સેવા, સતી તે નારી શી રીતે ? ૫
સુવાસિત ના કરે વનને, ન શીતલતા ધરે પોતે;
કદી મલયાચલે મ્હાલે, કહો (તે) ચંદન શી રીતે ? ૬
ન દમડી દેશને માટે, સમર્પે સ્નેહ લાવીને;
અનીત લક્ષ્મી મળી પણ તે, કહો શ્રીમાન્ શી રીતે ? ૭
વધારીને જટા માથે. ભભૂતિ અંગપર ચોળે;
ફળે ના યોગની યુક્તિ, કહો તે યોગી શી રીતે ? ૮
તણાઇ માનને માટે, અગર તો કીર્ત્તિને સાટે;
કરે કંઈ દાન ડગમગતો, કહો (તે) દાતાર શી રીતે ? ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

[illegible] ઊપર [illegible], [illegible],
[illegible] ના [illegible], [illegible] કહો [illegible] શી રીતે ? ૧૦
[illegible] સ્નેહથી [illegible], [illegible] કરી [illegible];
[illegible] દૂર [illegible] જે, કહો તે [illegible] શી રીતે ? ૧૧
નથી સાચી કંઇ શ્રદ્ધા, [illegible] સંસારમાં [illegible];
નથી સંતોષ-વૃત્તિ જ્યાં, કહો તે આવું શી રીતે ? ૧૨
નથી જ્યાં સત્યનો કિલ્લો, દયાનો દીપ જ્યાં જાગે ;
નથી સ્યાદ્વાદ રસ્તો જ્યાં, કહો તે ધર્મ શી રીતે ? ૧૩

રત્નસિંહ-દુસરાકર.

## પ્રશમરતિ પ્રકરણ.

### અર્થ વિવેચન યુક્ત.

( લેખક—મુનિશ્રી કર્પૂરવિજયજી. )

અનુસંધાન પૃષ્ટ ૮૪ થી.

ચારિત્રના પાંચ પ્રકાર બતાવે છે.

सामायिकमित्याद्यं छेदोपस्थापनं द्वितीयं तु ।
परिहारविशुद्धिः सूक्ष्मसंपरायं यथाख्यातम् ॥ २२८ ॥
इत्येतत्पञ्चविधं चारित्रं मोक्षसाधनं प्रवरम् ।
नैकैरनुयोगनयप्रमाणमार्गैः समनुगन्तव्यम् ॥ २२९ ॥

ભાવાર્થ—પહેલું સામાયિક, બીજું છેદોપસ્થાપન, ત્રીજું પરિહારવિશુદ્ધિ, ચોથું સૂક્ષ્મસંપરાય અને પાંચમું યથાખ્યાત. એ પાંચ પ્રકારનું ચારિત્ર મોક્ષનું શ્રેષ્ઠ સાધન છે, અને તે અનેક અનુયોગ, નય અને પ્રમાણ માર્ગવડે કરીને સમ્યગ્ પ્રકારે જાણવા આદરવા યોગ્ય છે. ૨૨૮-૨૨૯.

વિવેચન—રાગ દ્વેષ રહિતપણું તે સમ કહીએ. તેનો જે આય કે૦ લાભ થાય તેમજ જ્ઞાનાદિકનો ઉપચય થાય તેને સમ-આય=સમાય કહીએ. તેજ છે પ્રયોજન જેનું તે પ્રથમ સામાયિક ચારિત્ર કહીએ. સામાયિક ચારિત્રનાં બે પ્રકાર છે. ૧ ઇત્વર, ૨ યાવત્કથિક. પહેલા છેલા તીર્થંકરને વારે સામાયિક ચારિત્ર ઇત્વર એટલે છ માસ પર્યંતનું હોય અને મધ્યમ ૨૨ તીર્થંકરોને વારે યાવજ્જીવિત હોય. ૨ પૂર્વ પર્યાયનો છેદ કરીને ઉત્તર પર્યાયનું સ્થાપન કરવું તે છેદોપસ્થાપનીય

For Private And Personal Use Only

ચારિત્ર કહીએ. આ ચારિત્ર પહેલા ને છેલ્લા તીર્થંકરને વારેજ હોય છે. હાલ જે વડી દીક્ષાના નામથી ઓળખાય છે તે આ બીજું છેદોપસ્થાપનીય ચારિત્ર છે. ૩ આહા-રના પરિત્યાગવડે કરીને એટલે તપાદિવડે કરીને જે આત્માની વિશુદ્ધિ કરવી તે પરિહાર વિશુદ્ધિ ચારિત્ર કહીએ. તે ચારિત્ર નવમા પૂર્વની ત્રીજી આચાર વસ્તુ પર્યંત ભણેલા ૯ સાધુઓનો ગણ ગચ્છમાંથી નીકળીને પરિહારિક કલ્પવડે સ્થિત થયેલ હોય તેને હોય છે. તેમાં ૪ પારિહારિક મુનિ ગ્રીષ્મ, શીશીર ને વર્ષા ઋતુમાં એક ઉપવાસથી માંડીને પાંચ ઉપવાસ પર્યંત તપ કરે. એટલે ગ્રીષ્મ ઋતુમાં જઘ-ન્યથી ૧, મધ્યમ ૨, અને ઉત્કૃષ્ટ ૩ ઉપવાસ અને શીશીર ઋતુમાં જઘન્ય ૨, મધ્યમ ૩, અને ઉત્કૃષ્ટ ૪ ઉપવાસ, અને વર્ષા ઋતુમાં જઘન્ય ૩, મધ્યમ ૪, અને ઉત્કૃષ્ટ ૫ ઉપવાસ કરે. પારણે આંબીલ કરે, બીજા પરિચર્યા કરનાર ૪ મુનિ ને ૧ આચાર્ય તે નિરંતર આયંબિલ કરે. પ્રત્યેકના છ છ માસ ગ-ણતાં એકંદર ૧૮ માસે એ કલ્પ પૂર્ણ થાય. તેની વિશેષ સમજુતી ને વિધાન પ્રવ-ચન સારોદ્ધારાદિ ગ્રંથોથી જાણવું. ૪ ચોથું **સૂક્ષ્મ સંપરાય** નામે ચારિત્ર કે જેની અંદર **લોભ** નામનો **સંપરાય** જે કષાય તે અત્યંત સૂક્ષ્મ (અલ્પ) હોય તે ચારિત્ર શ્રેણીગત મુનિને દશમે ગુણઠાણે હોય. ૫ પાંચમું **યથાખ્યાત** ચારિત્ર તો અગ્યારમા ઉપશાંતમોહ અથવા બારમા ક્ષીણમોહ ગુણઠાણે વર્તતા મુનિને પ્રાપ્ત થાય છે. ભગવંતે જે પ્રમાણે ચારિત્ર કહ્યું છે તે પ્રમાણે પૂર્ણ રૂપમાં જે ચારિત્ર હોય તે યથાખ્યાત ચારિત્ર કહીએ. અથવા અકષાયીપણાનું ચારિત્ર તે યથાખ્યાત ચારિત્ર કહીએ. આ પાંચ પ્રકારના ચારિત્ર આઠ પ્રકારના કર્મોનો **ચય** જે સંચય તેનું **રિક્તી** કરણ તે ખાલી કરવું-રહિત કરવું એટલે કર્મોના સંચય રહિત કરનાર હોવાથી **ચારિત્ર** કહેવાય છે. અને તેમાં સમ્યગ્ જ્ઞાનપૂર્વક ક્રિયાનુષ્ઠાન કરાતું હોવાથી તે મોક્ષનું પ્રવર (શ્રેષ્ઠ) સાધન છે. તે ચારિત્ર અનેક પ્ર-કારના અનુયોગદ્વારવડે, નૈગમાદિ અનેક નયોવડે અને પ્રત્યક્ષ પરોક્ષાદિ પ્રમાણો-વડે જાણવા-સમજવા યોગ્ય છે. ૨૨૮-૨૨૯

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર તે ત્રણે એકઠા મળેલાં મોક્ષના સાધક છે કે તે ત્રણે એકઠાં જુદાં જુદાં પણ મોક્ષના સાધક છે? તેનો ઉત્તર કહે છે.

सम्यक्त्वज्ञानचारित्रसंपदः साधनानि मोक्षस्य ।
तास्वेकतराभावे ऽपि मोक्षमार्गो ऽप्यसिद्धिकरः ॥ २३० ॥
पूर्वद्वयसम्पद्यपि तेषां भजनीयमुत्तरं भवति ।
पूर्वद्वयलाभः पुनरुत्तरलाभे भवति सिद्धः ॥ २३१ ॥

ભાવાર્થ—દર્શન (સમ્યક્ત્વ), જ્ઞાન અને ચારિત્રની સંપત્તિ એ મોક્ષનાં સાધન છે. તેમાં એકના પણ અભાવે મોક્ષમાર્ગ સિદ્ધ થતો નથી ( મળતો નથી ). ( પૂર્વનાં ) સમ્યક્ત્વ અને જ્ઞાન એની પ્રાપ્તિ થયે છતે પછી કહેલું ચારિત્ર કોઈને પ્રાપ્ત થઈ શકે છે, તેમજ ચારિત્રનો લાભ થયે છતે પૂર્વના બેનો લાભ નિયમા થાય છે. ૨૩૦--૨૩૧.

વિવેચન—સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્ર એ ત્રણે એકઠાં મળેલાં હોય તોજ તે અવિકળ મોક્ષના સાધન છે; તે વિના મોક્ષના સાધનભૂત થઈ શકતા નથી. એ સમ્યક્ત્વાદિ પરસ્પરની અપેક્ષા વડે જ મોક્ષના સાધક થઈ શકે છે. ત્રિફળા–હરડાં, બેડાં ને આમળાં એ ત્રણે સમભાગે એકઠાં મળેલાં હોય તોજ જેમ અમુક વ્યાધિ નિવારણાદિ કાર્ય કરી શકે છે; તે સિવાય સમવિષમપણે અથવા એક કે બે વાનાં ખાસ વ્યાધિ નિવારણનું કાર્ય કરી શકતા નથી, તેની જેમ અહીં આ ત્રીપુટી માટે પણ સમજવું. તે ત્રણમાં પણ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છતાં સમ્યક્ચારિત્ર હોય કે ન હોય પણ સમ્યગ્ચારિત્રની પ્રાપ્તિ સાથે તો સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન હોયજ એટલે ઉત્તરના લાભે પૂર્વદ્વયનો લાભ નિયમા સમજવો ને પૂર્વદ્વયના લાભે ઉત્તરની ભજના સમજવી. પૂર્વદ્વય એટલે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન તે તો સમકાળેજ પ્રાપ્ત થાય છે, અને તે બે વિના સમ્યક્ચારિત્ર પ્રાપ્ત થતુંજ નથી. તત્પૂર્વકજ તેનો લાભ થાય છે. ૨૩૦--૨૩૧

સમ્યક્ત્વાદિ સાધનને આરાધીને ( પાળીને ) કેવી રીતે અવિકળ અનુષ્ઠાન કરવું તે કહે છે:—

धर्मावश्यकयोगेषु भावितात्मा प्रमादपरिवर्जी ।
सम्यक्त्वज्ञानचारित्राणामाराधको भवति ॥ २३२ ॥
आराधनास्तु तेषां तिस्रस्तु जघन्यमध्यमोत्कृष्टाः ।
जन्मभिरष्टत्र्येकैः सिध्यन्त्याराधकास्तासाम् ॥ २३३ ॥
तासामाराधनतत्परेण तेष्वेव भवति यतितव्यम् ।
यतिना तत्परजिनभक्त्युपग्रहसमाधिकरणेन ॥ २३४ ॥

ભાવાર્થ—ક્ષમાદિક દશવિધ ધર્મ અને આવશ્યક યોગને વિષે ભાવિતાત્મા પ્રમાદરહિત છતો સમ્યક્ત્વ, જ્ઞાન અને ચારિત્રનો આરાધક થાય છે. જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એવી ત્રણ પ્રકારની આરાધના તે (રત્નત્રયી) ની થાય છે, અને તેના આરાધક અનુક્રમે આઠ, ત્રણ અને એક ભવે સિદ્ધ થાય છે ( મોક્ષ પામે છે ).

તેની આરાધના કરવામાં તત્પર એવા મુનિએ તે રત્નત્રયીનું આરાધન કરવામાં સાવધાન એવા સાધુની અને જિનની ભક્તિ, સહાય અને સમાધિ કરવે કરીને તેમાં યત્ન કરવો યુક્ત છે. ૨૩૨-૩૩-૩૪

વિવેચન--ક્ષમાદિક દશ પ્રકારના ધર્મને વિષે એટલે ક્ષમા, મૃદુતા, સરલતા, નિર્લોભતા, તપ, સંયમ, સત્ય, શૌચ (અદત્ત ત્યાગ), અકિંચન અને બ્રહ્મચર્ય આ દશ પ્રકારના યતિધર્મને વિષે અને પ્રતિક્રમણ, આલોચના, સ્વાધ્યાય, પ્રત્યુપેક્ષણ, પ્રમાર્જન અને નિર્ગમ પ્રવેશાદિ અવશ્ય કૃત્યોને વિષે ભાવિતાત્મા અને સમસ્ત પ્રકારના પ્રમાદના પરિહારી મુનિ સમ્યક્ત્વાદિ સાધનોના ખરેખરા આરાધક થઇ શકે છે; બીજા થઇ શકતા નથી. તેના આરાધક પણ ત્રણ પ્રકારના હોય છે. ૧ જઘન્ય, ૨ મધ્યમ ને ૩ ઉત્કૃષ્ટ. તેમાં જઘન્ય આરાધક આઠ ભવે, મધ્યમ આરાધક ત્રણ ભવે અથવા ત્રીજે ભવે અને ઉત્કૃષ્ટ આરાધક એક ભવે અર્થાત્ તેજ ભવે સિદ્ધિને પ્રાપ્ત કરે છે અર્થાત્ મોક્ષ સુખ મેળવે છે. આઠ ભવ કરનાર પણ મનુષ્ય અને દેવના ભવોજ કરે છે અને ત્રણ ભવ કરનાર મધ્યમાં એક દેવભવ અને બીજા બે મનુષ્યના ભવ કરે છે. ઉત્કૃષ્ટ આરાધક જીવો મરૂદેવા માતાની જેવા હોય છે કે જે એ ત્રીપુટીનો લાભ જે ભવમાં પામે તેજ ભવમાં મોક્ષ પ્રાપ્ત કરે છે. તે સમ્યક્ત્વ, જ્ઞાન અને ચારિત્રના આરાધનમાં તત્પર જીવે તેને વિષેજ સતત્ પ્રયત્નવંત રહેવું. વળી તેમણે સત્ત્વવંત થઇને તીર્થંકર ભગવંતને યથાસમય વંદન નમસ્કાર કરવામાં, તેમના ગુણોત્કીર્ત્તનમાં અને જિનબિંબ પ્રતિષ્ઠાદિ કાર્યના મહાન્ ફળ બતાવવામાં નિરંતર તત્પર રહેવું. અને સાધુ મુનિરાજને વસ્ત્ર, પાત્ર, ભાતપાણી અને વસતી દાનાદિવડે સમાધિ ઉપજાવી તેમની પ્રસન્નતા મેળવવી. એ પ્રમાણે દેવગુરૂની પૂર્ણપણે આરાધના કરવાથી એ ત્રીપુટીનું આરાધન થઇ શકે છે; તે વિના થઇ શકતું નથી. ૨૩૨-૩૩-૩૪

હવે પ્રશમ સુખના અભિલાષી જીવો કેવા હોય ? તે બતાવીને સર્વ સુખ કરતાં પ્રશમ સુખની શ્રેષ્ઠતા બતાવે છે, તેમજ ખરૂં સુખ ઓળખાવે છે:—

स्वगुणाभ्यासरतमतेः परवृत्तान्तान्धमूकबधिरस्य ।
मदमदनमोहमत्सररोषविषादैरधृष्यस्य ॥ २३५ ॥
प्रशमाव्याबाधसुखाभिकांक्षिणः सुस्थितस्य सद्धर्मे ।
तस्य किमौपम्यं स्यात् सदेवमनुजेऽपि लोकेऽस्मिन् ॥ २३६ ॥
स्वर्गसुखानि परोक्षाण्यत्यन्तपरोक्षमेव मोक्षसुखम् ।
प्रत्यक्षं प्रशमसुखं न परवशं च न व्ययप्राप्तम् ॥ २३७ ॥

निर्जितमदमदनानां वाक्कायमनोविकाररहितानाम् ।
विनिवृत्तपराशानामिहैव मोक्षः सुविहितानाम् ॥ २३८ ॥
शब्दादिविषयपरिणाममनित्यं दुःखमेव च ज्ञात्वा ।
ज्ञात्वा च रागद्वेषात्मकानि दुःखानि संसारे ॥ २३९ ॥
स्वशरीरेऽपि न रज्यति शत्रावपि न प्रदोषमुपयाति ।
रोगजरामरणभयैरव्यथितो यः स नित्यसुखी ॥ २४० ॥
धर्मध्यानाभिरतस्त्रिदण्डविरतस्त्रिगुप्तिगुप्तात्मा ।
सुखमास्ते निर्द्वंद्वो जितेंद्रियपरीषहकषायः ॥ २४१ ॥
विषयसुखनिरभिलाषः प्रशमगुणगणाभ्यलंकृतः साधुः ।
द्योतयति यथा न तथा सर्वाण्यादित्यतेजांसि ॥ २४२ ॥
( सम्यग्दृष्टिर्ज्ञानी विरतितपोबलयुतो ऽप्यनुपशान्तः ।
तं न लभते गुणं यं प्रशमगुणमुपाश्रितो लभते ) ॥

ભાવાર્થ—આત્મગુણનો અભ્યાસ કરવામાં તત્પર, પરવૃત્તાંતમાં અંધ, મૂક અને બધિર; તથા મદ, મદન, મોહ, મત્સર, રોષ અને વિષાદવડે કરીને અજીત એવા, શાન્ત અવ્યાબાધ સુખના અભિલાષી તથા સાધુધર્મને વિષે સુસ્થિરતાવંત મુનિને આ દેવ મનુષ્યયુક્ત સકલ લોકને વિષે શી ઉપમા આપી શકાય ? સ્વર્ગનાં સુખ પરોક્ષ છે, મોક્ષનું સુખ તો અત્યંત પરોક્ષ જ છે, પણ નહીં પરવશ અને નહીં વ્યયપ્રાપ્ત એવું પ્રશમ સુખ પ્રત્યક્ષ છે. મદ, મદનને સર્વથા જીતનારા, તન મન વચનના દોષ રહિત અને નિઃસ્પૃહ એવા સુવિહિત સાધુઓને અહિં જ મોક્ષ છે. અનિત્ય એવા શબ્દાદિ વિષયના પરિણામને દુઃખદાયી જાણીને અને રાગ દ્વેષથી થતાં દુઃખોને સમજીને સંસારમાં જે પોતાના શરીર ઉપર પણ રાગ કરતો નથી, શત્રુ ઉપર પણ દ્વેષ કરતો નથી અને રોગ જરા તથા મરણના ભયથી બ્હીતો નથી--અબાધિત રહે છે તે નિત્ય સુખી છે. ધર્મધ્યાનમાં મગ્ન, ત્રણ દંડથી મુક્ત, ત્રણ ગુપ્તિથી ગુપ્ત અને ઇંદ્રિય, પરીષહ તથા કષાયને જીતેલો એવો સર્વ પ્રપંચ-રહિત પુરૂષ સુખસમાધિમાં મસ્ત બન્યો રહે છે. વિષયસુખથી વિરક્ત અને પ્રશમાદિક ગુણગણથી વિભૂષિત સાધુ જેવો ઉદ્યોત કરે છે તેવો ઉદ્યોત સૂર્યના સઘળા કિરણો પણ કરી શકતા નથી. સમ્યગ્દૃષ્ટિ, જ્ઞાની, સંયમી અને તપોબળ યુક્ત છતાં પણ અનુપશાન્ત સાધુ જેવો ગુણ શાન્ત ગુણવાળો સાધુ પામે છે તેવો પામી શકતો નથી. ૨૩૫–૨૩૬–૨૩૭–૨૩૮–૨૩૯–૨૪૦–૨૪૧–૨૪૨.

વિવેચન—સ્વગુણ જે સમ્યક્ત્વ, જ્ઞાન ને ચારિત્ર–તદ્રૂપ જે સાધુગુણ તેનો જે અભ્યાસ તેમાં રક્ત એટલે તેના અનુષ્ઠાનની વારંવાર આવૃત્તિ કરવામાં તત્પર છે મતિ જેમની એવા, પારકી વાર્તામાં, પારકા ચેષ્ટિત જોવામાં, પારકા દોષની હકીકત સાંભળવામાં જે મુંગા, અંધ અને બહેરા છે અર્થાત્ જે પારકા અવર્ણવાદ બોલતાજ નથી, પારકા અયોગ્ય વર્ત્તન સામી દૃષ્ટિ પણ કરતા નથી અને પારકા અવર્ણવાદ બોલાતા હોય તે સાંભળતાજ નથી એવા, ( અહીં પારકા વૃત્તાંતની અંદર પારકા દોષની સાથે પારકા ગુણનો પણ સમાસ થનો હોવાથી તેને માટે એમ ખુલાસે. કરેલો છે કે પોતાનાજ સમ્યક્ત્વાદિ ગુણની વૃદ્ધિમાં વ્યગ્ર હોવાથી પારકા ગુણ પણ જોવામાં,બોલવામાં ને સાંભળવામાં તત્પર હોતા નથી ) તથા **મદ** તે ગર્વ, **મદન** તે કામ, **મોહ** તે હાસ્ય રતિ વિગેરે, **મત્સર** તે ચિત્તસ્થ એવો કોપ કે જે બહાર પ્રકટ જણાતો નથી, અર્થાત્ અન્ય આક્રોશાદિ કરનાર પ્રત્યે જે સામો આક્રોશાદિ રૂપે પ્રકટ થતો નથી તે, તથા **રોષ** તે નેત્રનું લાલ થવું, આક્રોશ કરવો, તાડના તર્જના કરવી વિગેરે બાહ્ય લિંગ (ચિન્હ) વાળો વિકાર અને **વિષાદ** તે સ્વજનાદિકની આપત્તિ જોઇને હૃદયમાં થતો ખેદ–ઇત્યાદિ દોષોથી જે પરાભવ પામેલ નથી એવા, પ્રશમ સુખના અભિકાંક્ષી અને અવ્યાબાધ મોક્ષ સુખના ઇચ્છક તેમજ મૂળોત્તર ગુણ રૂપ જે સદ્ધર્મ તેમાં નિશ્ચળ એવા ઉત્તમ સાધુ મુનિરાજને આ દેવ મનુષ્યરૂપ સર્વ લોકમાં કોની ઉપમા આપીએ ? અર્થાત્ દેવોમાં અને મનુષ્યોમાં પ્રશમ સુખ જેવું બીજું કોઇ સુખજ નથી. મોક્ષ સુખ પણ તે સુખથી વધે તેમ નથી. પ્રશમસુખ તે આ સંસારમાં મોક્ષસુખની વાનકી છે. તેનાજ ઇચ્છક જે હોય તેને બીજી ઉપમા ઘટી શકે જ નહીં. ત્યાં ઉપમાન ને ઉપમેય એકજ છે. ૨૩૫–૩૬.

સ્વર્ગ ને મોક્ષનાં સુખ પરોક્ષ છે. વળી તે બંને પ્રકારના સુખ માત્ર આગમગમ્ય છે. તેમાં પણ મોક્ષનું સુખ તો અત્યંત પરોક્ષ છે. સ્વર્ગના સુખનું તો લેશમાત્ર પણ ઉપમાન અહીં અત્યંત સુખી મનુષ્યના સુખને કરી શકાય; પણ મોક્ષ સુખ માટે તો અહીં કોઇ ઉપમાન છે જ નહીં, તેથી તે અત્યંત પરોક્ષ છે. સર્વ પ્રમાણમાં જ્યેષ્ઠ એવા સ્વાત્મવર્તી પ્રત્યક્ષ પ્રમાણવડે જે જાણી શકાય છે એવું **પ્રશમસુખ** પરાધિન નથી, તે તો સ્વાયત્ત–સ્વાધિન જ છે. વળી સ્વાધિન હોવાથી તે વ્યયપ્રાપ્ત પણ નથી, અર્થાત્ કાંઇ બદલો આપવાવડે મેળવી શકાય તેવું નથી; તેના બદલામાં કાંઇ આપવું પડતું જ નથી. વળી જે નાશ પણ પામતું નથી; આત્માને છોડીને અન્યત્ર સ્થિતિ કરતું નથી. અને વૈષયિક સુખ તો પરવશ છે અર્થાત્ વિષયોને આધિન છે. વિષયના અભાવે તેની પ્રાપ્તિ થઇ શકતી નથી. સુખ શબ્દથી બોલાવાતા ચાર પ્રકારના સુખોમાં આવું મહદ્ અંતર છે તે સમજવા યોગ્ય છે. ૨૩૭.

[illegible] કહે છે કે—જેણે મદ તથા કામને જીતી લીધેલ છે, જે સ્વસ્થ ચિત્તવાળા છે, શાંત છે અને વચનાદિ વિકારથી રહિત છે. તેમાં વાગ્વિકાર હિંસક, કઠોર અથવા અસત્ય વાણી બોલવી તે, કાયવિકાર દોડવું વળગવું તે અને મનોવિકાર કોઇનો દ્રોહ ચિંતવવો, અભિમાન કરવું કે ઇર્ષ્યા કરવી તે. એવા વિકારોથી વિરહિત અને પર વિષયની જે આશા તેથી નિવૃત્ત થયેલા અર્થાત્ જેને પરવિષયની આશા રહેલી નથી એવા, પરથી પ્રાપ્ત થાય તેવા ધન-ધાન્ય રત્નાદિની કિંચિત્ પણ ઇચ્છા વિનાના, માત્ર ભિક્ષાથી પ્રાપ્ત થતા અન્નપાનથી જ જીવનનો નિર્વાહ ચલાવનારા—તે અન્નપાન પણ શાસ્ત્રોક્ત વિધિપૂર્વક નિર્દોષ મળી શકે તોજ જ્ઞાન ચારિત્રનું ઉપકારક માનીને ગ્રહણ કરનારા—નહીં તો તે વિના ચલાવી લેનારા—નિરંતર તપસ્વી ગણવા યોગ્ય—એટલે જો વિશુદ્ધ આહાર ન મળે તો શુદ્ધાશયવાળા મુનિ તેને તપોવૃદ્ધિ રૂપે નિર્જરા માનનારા—એવા મુનિ મહંત મોક્ષસુખ અર્હંત છે. એ મોક્ષસુખ ઉપમાન છે અને પ્રશમસુખ ઉપમેય છે. એટલે જ્યાં પ્રશમસુખ છે ત્યાંજ મોક્ષસુખ છે એમ સમજવું. ૨૩૮.

શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શરૂપ જે ઇંદ્રિયાદિકના વિષયો તેના ઇષ્ટાનિષ્ટ પરિણામ-તે પરિણામથી ઉત્પન્ન થતું જે સુખ તે અનિત્ય છે, કેમકે વિષય સમિપ છતાં તજ્જન્ય સુખ હોય છે અને વિષય દૂર થતાં તજ્જન્ય સુખ નાશ પામે છે, વળી વિષયજન્ય સુખ તે દુઃખ જ છે, જેમ પામર અર્થાત્ પામાવાળા પુરૂષને ખરજ ખણવાથી જે સુખ થાય છે તે પરિણામે દુઃખરૂપ જ પરિણમે છે, તેમ વૈષયિક સુખના પરિણામ પણ કટુ હોવાથી તે પરિણામે દુઃખરૂપ જ છે. તેને અલ્પ બુદ્ધિવાળા જ સુખરૂપ માને છે. આ પ્રમાણે જાણીને તેમજ તેને આ સંસારમાં રાગ દ્વેષાત્મક—રાગ દ્વેષની પરિણતિથી થયેલા—રાગદ્વેષાનુવિદ્ધ જાણીને ઉત્તમ મુનિઓ—ઉત્તમ જીવો પોતાના શરીરમાં (શરીર ઉપર) પણ રાગ (સ્નેહ) કરતા નથી અને શત્રુને વિષે પણ પ્રદ્વેષ કરતા નથી; તેમજ રોગ, તે જ્વરાદિ વ્યાધિ, જરા તે વયોહાનિ, મરણ તે પ્રાણનાશ (પ્રાણવિરહ), ભય તે ઇહલોક પરલોકાદિ સાત પ્રકારના-તેનાથી-તેની પ્રાપ્તિથી કિંચિત્ પણ જે વ્યથિત થતા નથી-એનાથી-તે તે પ્રકારથી જે બીલકુલ ભયભીત થતા નથી તે જીવો—તે મુનિઓ જ નિત્ય સુખી છે. ૨૩૯-૪૦.

આજ્ઞાવિચય, અપાયવિચય, વિપાકવિચય ને સંસ્થાન વિચયરૂપ ધર્મધ્યાનને વિષે રક્ત, અનાગમિક જે વ્યાપાર તે દંડ કહીએ, તેવા મનદંડ, વચનદંડ ને કાયદંડરૂપ ત્રણ દંડથી વિરક્ત, ત્રણ ગુપ્તિવડે ગુપ્તાત્મા એટલે મૌની, નિરવદ્યભાષી, કાયાવડે કાયોત્સર્ગ કરનાર અથવા કાયવ્યાપારને રોકનાર, પ્રવચનોક્ત વિધિવડે ધર્મ

ધ્યાનના ધ્યાનાર અને આર્તરૌદ્ર ધ્યાનના અધ્યવસાયને રોકનાર, નિરાબાધપણે સમસ્ત ક્રિયાનુષ્ઠાન કરનાર, નિર્દ્વંદ્વ એટલે એકલા–સકળ ઉપદ્રવ રહિત–નિષ્કલહ, ઇંદ્રિયોને સારી રીતે જીતી લીધી છે એવા અર્થાત્ ઇંદ્રિયોને પોતાને વશ કરનારા, સમસ્ત પરિસહને સમ્યક્ પ્રકારે સહેનારા અને કષાયના ઉદયને રોકનારા અર્થાત્ તેને નિષ્ફળ કરનારા–એવા મુનિ જ ખરેખરા સુખમાં રહે છે. ખરા સુખનો તેજ અનુભવ કરે છે. ૨૪૧.

શબ્દાદિજન્ય વિષય સુખમાંથી જેમનો અભિલાષ નાશ પામી ગયો છે એવા નિર્ગતેચ્છ–નિર્ગતાભિલાષ અને સ્વાધ્યાય સંતોષાદિ જે પ્રશમગુણ તેનો જે સમુદાય તેવડે અલંકૃત–વિભૂષિત, એવા સાધુ જેમ તારા વિગેરેની પ્રભાને સૂર્ય પોતાની પ્રભાવડે પરાભવ પમાડે છે અર્થાત્ પોતે પોતાના તેજથી જ પ્રકાશે છે અને બીજા સૌ તેજને પશસ્ત કરે છે તેમ દેવમનુષ્યાદિ સર્વના તેજને પરાભવ પમાડીને પોતે પોતાના તેજવડે–પોતાના ગુણોવડે પ્રકાશે છે. ૨૪૨.

સમ્યગ્ દર્શનસંપન્ન, સમ્યગ્ જ્ઞાનસંપન્ન, વિરતિ અને તપોબળવડે યુક્ત એટલે વિરતિરૂપ મૂળ ગુણવડે અને તપાદિ ઉત્તર ગુણવડે સંયુક્ત, એવા છતાં પણ જો ક્રોધાદિ કષાયના ઉદયથી પ્રશમને પામેલા હોતા નથી તો તેઓ તે ગુણને મેળવી શકતા નથી કે જે ગુણોને પ્રશમ ગુણાશ્રિત પ્રાણી મેળવી શકે છે–પામી શકે છે. અર્થાત્ પ્રશમમાં રહેલા પ્રાણીને જ પૂર્વે કહેલા ગુણો પ્રાપ્ત થાય છે; બીજાને થતા નથી. તેથી પ્રશાંત કષાયીજ થવું; સર્વ સુખ ને સર્વ ગુણોનો પ્રશમમાંજ સમાવેશ સમજવો. (ચાલુ). તંત્રી.

# સ્વહૃદય બોર્ડપર લખી રાખવા યોગ્ય બોધવચનો.

( લેખક–સન્મિત્ર કર્પૂરવિજયજી ).

૧ ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ( માફી આપવી અને માફી માગવી ) ખમવું અને ખમાવવું ) એ વીર-ભક્તનું ખાસ લક્ષણ છે.

૨ હિતાહિતનો વિચાર કરવો એજ બુદ્ધિ પામ્યાનું ફળ છે.

૩ સુશીલ બનવું એજ માનવદેહ પામ્યાનું ઉત્તમ સાર છે.

૪ સહેલાણું વિવેકથી દ્રવ્ય વ્યય કરવો એ લક્ષ્મી પામ્યાનું ફળ છે.

૫ પ્રિય અને હિતવચન વદવું એજ વાચા-પામ્યાનું ફળ છે.

૬ પાપમાર્ગથી નિવર્તાવી સન્માર્ગમાં જોડે તેજ ખરો મિત્ર છે.

૭ સહુ સાથે મૈત્રીભાવ રાખો–સહુનું સદાય ભલું જ ચાહો.

૮ દીન-દુઃખી-અનાથ ઉપર અનુકંપા રાખી તેનો ઉદ્ધાર કરો.
૯ ગુણી ને સદ્ગુણીને દેખી યા સાંભળી પ્રમુદિત-હર્ષિત બનો.
૧૦ કઠોર પરિણામી ઉપર પણ દ્વેષ નહિ કરો.
૧૧ સદ્બોધ સાંભળે તેજ સકર્ણ.
૧૨ સદ્બોધ હૈયે ધરે તેજ સહૃદય.
૧૩ સન્માર્ગે સંચરે, ઉન્માર્ગ તજે તેજ સનેત્ર.
૧૪ છતે કાને હિતવચન ન સાંભળે તે જ બહેરો.
૧૫ છતી જીભે હિત-પ્રિય-સત્ય ન બોલે તે જ મૂંગો.
૧૬ છતી આંખે અવળે માર્ગે ચાલે-અકાર્ય કરે તે જ આંધળો.
૧૭ ત્રિવિધ તાપને શાન્ત કરે તે જ સંત-સુસાધુ.
૧૮ સહુને આત્મતુલ્ય લેખો-સ્વહૃદયને વિશાળ બનાવો.
૧૯ પરદ્રવ્યને પથ્થર તુલ્ય લેખો-સ્વદ્રવ્યમાં જ સંતોષ રાખો.
૨૦ પરસ્ત્રીને માતા-બ્હેન કે પુત્રી તુલ્ય જ લેખો.
૨૧ કોઇના સુખમાં અંતરાય ન કરો-બનતી સહાય કરો.
૨૨ નિન્દા, ચૂગલી, મિથ્યા આરોપ વિગેરે પાપ માત્રથી ડરતા રહો.
૨૩ પારકી આશા-તૃષ્ણાને તિલાંજલી આપો-તજો.
૨૪ હંસની જેમ સાર (ગુણ) ગ્રાહી બનો; દોષ-દ્રષ્ટિને તજો.
૨૫ સ્વધર્મ રક્ષા માટે જ શરીરની યોગ્ય સંભાળ રાખો.
૨૬ વિષય આસક્તિથી વેગળા રહો-ઇન્દ્રિયના ગુલામ ન બનો.
૨૭ મદાન્ધ ન બનો, નમ્રતા રાખો. ( નમે તે પ્રભુને ગમે. )
૨૮ કામ-કષાય-ઇર્ષા-અદેખાઇ વિગેરે વિકારને વશ ન થાઓ.
૨૯ આળસુ-એદી-નિરૂદ્યમી ન બનો; ચંચળતા રાખો.
૩૦ વિકથા-નકામી કુથલી કરવાનો ટાળ તજો; વખત ઓળખો.
૩૧ સ્વાશ્રયી બનો-પુરૂષાર્થી થાઓ-બીજાના આધારે જેસી ન રહો.
૩૨ કન્યાઓને એવી કેળવો કે તેઓ શાણી માતાઓ બની શકે.
૩૩ કોઇ વ્યસનના ફંદમાં ન પડો, તેમાંથી સ્વપરની રક્ષા કરો.
૩૪ સદ્ગુણી અને સદ્ગુણાનુરાગી બનો.
૩૫ નીતવાન્ બનો-નિષ્પક્ષપાતપણે ખરા ખોટાનો તોલ કરો.
૩૬ શાન્ત પ્રકૃતિ રાખો અને પાપ આચરણથી અળગા રહો.
૩૭ લોકપ્રિયતા મેળવો-સ્વાર્થત્યાગી બનો.
૩૮ કૃતજ્ઞ થાઓ અને પરોપકાર રસિક બનો.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

૩૯ વિચાર, વાણી અને વર્તનમાં શુદ્ધ પવિત્રતા રાખો.

૪૦ કામ, ક્રોધ, મોહ, મત્સરાદિક દુર્ગુણને જલદી તજો.

૪૧ માતપિતાદિક વડીલ વર્ગની યથોચિત સેવા-ભક્તિ કરો.

૪૨ સ્વધર્મી બંધુઓ અને બ્હેનોનું ખરૂં વાત્સલ્ય આદરો.

૪૩ ખોટો ડોળ-ડમાક તજી ખરા માર્ગનું સેવન કરો.

૪૪ શુદ્ધ દેવ, ગુરૂ અને ધર્મ ઉપર અડગ-અચળ શ્રદ્ધા રાખો.

૪૫ ધર્મ-શાસનની ખરી ઉન્નતિ-પ્રભાવના થાય તેવો માર્ગ ગ્રહણ કરો.

૪૬ મતભેદથી ખીજવાઇ ન જાઓ; સત્ય વાત સપ્રમાણ શાન્તિથી બતાવવા પ્રયત્ન કરો. અન્યને સ્વધર્મમાં જોડવાનો એ રસ્તો છે.

૪૭ કલેશ-કુસંપથી સ્વમતને છિન્નભિન્ન ન કરો; સ્વઅંગ ન છેદો.

૪૮ સુસંપ વધે તેવા જ વિચાર, વાણી અને વર્તનનો પ્રયાસ કરતા રહો.

૪૯ સ્વધર્મી બંધુઓ સર્વ વાતે સુખી થાય તે માટે તનમનથી મથન કરો.

૫૦ પાત્રતા પ્રમાણે આપો અને પાત્રતા વધારવા પ્રયત્ન કરો.

૫૧ આ ક્ષણભંગુર દેહથી કોઇ રીતે અન્યનું ભલું થતું જ હોય તો ઉદાર દીલથી તે થવા દેવું. દયાનું ક્ષેત્ર વિશાળ છે. ડહાપણથી શક્તિ અનુસારે તેનો લાભ લેતા રહેવું. સ્વપર આત્માના હિતમાં અભિવૃદ્ધિ થાય તેવો દરેક પ્રયાસ મન, વચન, કાયાથી કર્યા કરવો. ઇતિશમ્.

## શ્રીજિનમંદિરમાં દેવદર્શને આવનાર બંધુઓ તથા બ્હેનોને નમ્ર સૂચના.

( લેખક-સન્મિત્ર કર્પૂરવિજયજી ).

૧ સ્વચ્છ-ચોખા-સુઘડ વસ્ત્રાદિક પહેરીને જ પ્રભુદર્શન કરવા જવું.

૨ નિસ્સિહી પ્રમુખ દશ ત્રિક અને પાંચ અભિગમો યથાર્થ સમજીને સાચવવા જાતે લક્ષ આપવું અને અણજાણને સમજાવી લક્ષ અપાવવું.

૩ દર્શન કરી રહ્યા બાદ ઘર ભણી જતાં પ્રભુને પુંઠ દઇ ચાલવું નહિ, પણ પાછે પગલે ચાલવું અથવા પડખાના બારણેથી નીકળવું.

૪ પુરૂષોએ પ્રભુની જમણી બાજુએ અને સ્ત્રીઓએ ડાબી બાજુએજ ઉભાં રહી દર્શન કરવાં, તેમજ ચૈત્યવંદનાદિક વખતે પણ એ વાત અવશ્ય લક્ષમાં રાખી શાસ્ત્રમર્યાદા કહી છે તેવી પાળવી.

૫ દેવદર્શન, પૂજા-ભક્તિ ખાસ જીવ જયણાપૂર્વક થાય તેમ રાખવું. પ્રભુ આજ્ઞામાં ધર્મ કહેલો છે, સાંજ સમયે આરતિ પૂજાદિક સંધ્યા અવસરેજ કરી લેવાં ઘટે છે.

૬ શાન્ત અને મધુર સ્વરેજ પ્રભુસ્તુતિ કરવી.

૭ ગુરૂ પ્રમુખનો વિનય સાચવવા ન ચૂકવું.

૮ પ્રભુ સન્નિધે કહેવા યોગ્ય ચૈત્યવંદન, સ્તવન, સ્તુતિ પ્રમુખ દેરાસરમાં કહેવાં અને બીજાં પર્વ વિગેરેનું માહાત્મ્ય બતાવનારા ચૈત્યવંદન પ્રમુખ સામાયિક, પ્રતિક્રમણ પ્રસંગે કહેવાં.

૯ દેરાસરની નજદીકમાં કશી આશાતના થવા દેવી નહિ.

૧૦ દેરાસરમાં કે ઉપાશ્રયમાં કોઈ પ્રકારની કુથલી કરવી નહિ.

૧૧ રાગદ્વેષાદિક ઓછાં કરી અંતઃકરણ સાફ થાય તેમ ઉપયોગ રાખી, આત્મસાધન કરતા રહેવું. ઇતિશમ્.

# ક્રોધ.

અનુવાદક—દફતરી નંદલાલ વનેચંદ-મોરબીવાળા.

ક્રોધી માણસ ક્રોધવાળી પ્રકૃતિથી આસપાસનાં માણસોમાં અપ્રિય થઇ પડે છે, જેથી તે માણસ ગમે તેવો મોટો હોય છતાં લાગતા વળગતા તેના સંબંધીઓનાં મન અપ્રસન્ન રહેવાથી તેનું ગૌરવ જળવાતું નથી, શાન્તિનો ભંગ થાય છે અને અશાન્તિ ફેલાય છે. પોતાનું અને પરનું મન વ્યગ્ર બની જાય છે, ચેતના પરવશ થાય છે અને ચિત્તવૃત્તિની સ્ખલના થઇ જાય છે. મનોબળની હાનિ અને સંકલ્પ શક્તિની ક્ષીણતા થાય છે. કિંબહુના! ચારે તરફના કલેશથી મન આકુળ વ્યાકુળ થતાં જીંદગી ઉપર કંટાળો આવે છે, તેથી કર્ત્તવ્ય બજાવવાના વિચારો ઉત્પન્ન થયા હોય તો પણ સત્વર દબાઈ જાય છે અને અકર્ત્તવ્ય તરફ વલણ થાય છે.

ક્રોધ, મલીન તમોગુણની અધિકતા મનુષ્યની પ્રકૃતિમાં હોવાને લીધે ઉત્પન્ન થાય છે. પોતાની ઇચ્છાની વિરૂદ્ધ અન્ય કોઇના કથન કે વર્તનને લીધે સામાન્ય રીતે ચિત્તમાં એક પ્રકારનો અગ્નિ ઉત્પન્ન થાય છે અને તેનો તાપ ચિત્તપ્રદેશમાં વિસ્તાર પામતાં સ્વલ્પ સમયમાં આખા શરીરમાં ફેલાય છે. જ્યારે આ અગ્નિ પુરેપૂરા વેગમાં હોય છે ત્યારે ચિત્તવૃત્તિની તટસ્થતા દબાઇ જાય છે; અને સંકલ્પ શક્તિ ઉત્સાહ વિગેરે ગુણો ચિત્તમાં ઉત્પન્ન થયેલી ક્રોધની જ્વાળામાં પવન ફુંકવાનું કાર્ય કરવા લાગે છે. ક્રોધની જ્વાળા જે સ્થળે ઉત્પન્ન થાય છે તે સ્થળને દગ્ધ કરે છે એટલે કે તે જ્વાળા ક્રોધ કરનારના હૃદયને જ બાળે છે. વિશેષમાં તે જ્વાળા પોતાના વેગના પ્રમાણમાં આસપાસના પરિચયી સગા મિત્રો વગેરેને પણ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાળે છે—સંતપ્ત કરે છે. પરિણામે ક્રોધી પ્રત્યે તેઓ સર્વદા અપ્રસન્ન રહે છે. અને સર્વત્ર અપ્રિય થઇ પડે છે. માણસને ક્રોધ પોતાની અંદર પચાવતાં બહુ લાંબો વખત લાગે છે. એવા માણસો પોતાને અને પોતાના પ્રિયતમ મિત્રોને અતિશય પીડાકારક થઇ પડે છે.

## ક્રોધની ક્રૂરતા.

જો મુખ્ય અધિકારી અથવા કોઇપણ મોટો સમર્થ માણસ ક્રોધ કરવાની આદતને આધીન થઇ ગયો હોય છે તો તેના તાબામાં રહેનાર બળહીન દીન પુરૂષોની વગર અપરાધે અવદશા થાય છે. એટલે તરતમાં તો બીચારા ગરીબ માણસોને ત્રાસ થાય છે. તેમજ એ પ્રચંડ પ્રકૃતિએ શક્તિહીન દીન પુરૂષોને પોતાના પંજામાં લઇ ક્રોધાધીન બનાવ્યા હોય છે તો પછી તેમના ક્રોધને સફળ કરવા અન્ય કોઇ પાત્ર ન હોવાથી તે ક્રોધની જ્વાળા પોતાનાજ શરીર તરફ વળે છે, શરીરને બાળે છે, લોહીને શોષવે છે અને ગરીબાઇ પરાધીનતા વિગેરેના દુ:ખથી દાઝેલા મનમાં પરિતાપ ઉપજાવે છે. અત્રે તેનું એક દૃષ્ટાંત આપીશું.

એક અંગ્રેજ ઉમરાવ વિલાયતની મોટી ઘોડાદોડની શરતમાં ત્રણ હજાર પૌંડ એટલે ૪૫ હજાર રૂપિયા હારી ગયો અને કર્મ સંયોગે તેનો હરીફ એક બીજો ઉમરાવ હતો તે તેજ શરતમાં ૭ હજાર પૌંડ જીતી ગયો. પોતાની હારથી આ ઉમરાવને કાંઈ લાગ્યું નહિ, પરન્તુ પોતાના હરીફની મોટી જીતથી તેને ક્રોધ ચઢ્યો. ક્રોધથી ધુંધવાતો તે ઘેર આવ્યો અને દીવાનખાનામાં બેઠો. ચાકરે ચાહનો પ્યાલો લાવીને મૂક્યો એટલે એકદમ તેજ પ્યાલો તેણે ચાકર પર ફેંક્યો અને બોલ્યો "અરે લુચ્ચા ! મારૂં માથું તપી ગયું છે ત્યાં તું મને ધગધગતી ચાહ પાય છે ! જલદી સોડા–બરફ લાવ." ચાકર બ્હીને ચાલ્યો ગયો. તે પાછો નજ ફર્યો. સાહેબના ક્રોધમાં વધારો થયો અને પોતાની સ્રીના ઓરડામાં જઇને તેના ઉપર નેતરના પ્રહાર કરવા માંડ્યા. ભયંકર ઘાંટો કાઢીને તે બોલવા લાગ્યો. 'ચાકર ક્યાં મરી ગયો? મારા માટે સોડા બરફ કેમ કોઇ લાવતું નથી ?' સ્રી ભયભીત થઇ અને ઓરડાની બહાર દોડી ગઇ અને સાહેબ ગાંડા બની ગયા હોવાની વાત જાહેર કરી એટલે નોકરોએ દીવાનખાનાના બારણાં બંધ કરીને સાહેબને કેદ કર્યા. આખી રાત સાહેબે એ કેદખાનામાં પસાર કરી. સવારમાં સીપાઇઓને બોલાવીને દ્વાર ઉઘાડવામાં આવ્યું તો જણાયું કે સાહેબના બંને હાથ લોહીલુહાણ થઇ ગયા હતા અને રાત્રે ક્રોધાંધપણામાં તેણે પોતાના હાથને બચકાં ભર્યાં હતાં. એજ અવસ્થામાં તેને ગાંડાની ઇસ્પીતાલમાં પહોંચતા કરવાની જરૂર પડી.

આવા ક્રોધી જનોએ ક્રોધનો પરિત્યાગ કરવા સારૂ વૃત્તિને શાન્ત બનાવવાની

For Private And Personal Use Only

દેવ પાળવા માટે કેવી રીતે વર્તવું જોઇએ ? તેના માર્ગો જુદાજુદા ગ્રંથકારોએ જુદી જુદી રીતે સૂચવ્યા છે. તેનો સાર એ છે કે ક્રોધાદિકથી પરિણામે કેવા દુઃખો પ્રાપ્ત થાય તે વિચારવું અને એ ક્રોધાદિકથી લોક કેવી રીતે ઠગાય છે તે તપાસવું એટલે સ્વતઃ તેનો માર્ગ સુઝી જશે. અલ્પમતિકૃતલેશ.

# સમાજસેવા—સેનીટેરીયમ.

( લેખક—મૌક્તિક. )

સહજ અથવા લાંબો મંદવાડ આવે એ શરીરનું બંધારણ, રહેવાનાં સ્થાનો અને વ્યાયામ ( કસરત )ના હાલના પ્રસંગો જોતાં તદન બનવા જોગ છે. આ ઉપરાંત મીતાહાર, નિયમિત વર્તન અને સાદા ખોરાકની ગેરહાજરી પણ વ્યાધિના પ્રસંગો વધવાને માટે જવાબદાર છે. અતિશય ખોરાક, વારંવાર ભોજન અને તામસી પ્રકૃતિ અથવા વાયુને વધારે તેવા ખોરાકથી પણ વ્યાધિઓ વધે છે અને વ્યાધિ થયા પછી નિયમસરની વૈજ્ઞાનિક સારવારની પદ્ધતિના જ્ઞાનના અભાવથી અથવા અલ્પભાવથી વ્યાધિના ઉપાયો સરળ, સોંઘા અને સુપરિણામ નીપજાવનારાં થઇ શકતા નથી. આ સર્વ બાબતો બહુ વિચારવા લાયક છે અને તે આપણા જીવન સાથે ઘણો નજીકનો સંબંધ ધરાવનાર હોવાથી તેને અંગે ધાર્મિક દૃષ્ટિએ શું કરવા યોગ્ય છે તે વિચારવુ પ્રાસંગિક છે.

આપણા દેશમાં ધાન્યની સમૃદ્ધિ એટલી સારી છે કે એક વરસ સારૂં થાય તો લગભગ આખા દેશને ત્રણ વરસ પહોંચે તેટલું અનાજ ઉત્પન્ન થાય છે, છતાં દેશપરદેશનો સંબંધ અને વ્યાપાર વધી જવાથી પરદેશમાં અનાજ ઘણું ચાલ્યું જાય છે. જો કે તેનો બદલો દ્રવ્યરૂપે મળે છે એ ખરી વાત છે પણ તેના ભાવો ( કિંમત ) ઉપર આખા વિશ્વના બજારોની અસર થાય છે તેથી મોંઘવારી થાય છે. વર્તમાન રાજ્યપરિસ્થિતિને અંગે લોકવ્યવહારમાં એક જે મોટો ફેરફાર થયો છે તે એ છે કે આપણું જે સાદું જીવન હતું તે ઓછું થઇ ગયું છે અને જીવનમાં ઘણો ફેરફાર થયો છે. ખોરાકની અનેક વસ્તુઓ, પાચનશક્તિને નુકશાન કરે તેવી પણ જીભને સુંદર લાગે તેવી વાનીઓ અને મગજને નુકશાન કરે—ભ્રમાવે તેવા માદક પદાર્થો ઘરનાં બારણાં સુધી આવે છે, અને પરિણામે તેનો ઉપયોગ થતાં શરીરમાં વ્યાધિ થયા વગર રહેતો નથી. એ ઉપરાંત કપડાંની નવીન રીતિઓ ( ફેશનો ) શરીરસુખાકારીનાં મનમાં માનેલાં સાધનો અને હદ બહારનાં ખરચોને લીધે ગમે તેટલી શક્તિવાળા માણસને મુંઝવી નાખે તેવી પરિસ્થિતિ ઉત્પન્ન થઇ

છે. ઘણો ખરચ કરવો પડે તેમ હોય ત્યારે ઘણું વધારે રળવું પડે, ઘણું રળવા માટે કુદરતના નિયમ વિરૂદ્ધ દિવસ રાત્રિ જ્યારે ને ત્યારે કામ કરવું પડે અને યોગ્ય શાંતિને અભાવે અને આરામની ગેરહાજરીમાં મગજ અને શરીરને ઉકળાટ-વાળી સ્થિતિમાં રહેવું પડે તેથી આખરે શરીર વ્યાધિનો ભોગ થાય એ બનવા જોગ છે, મોટાં શહેરોમાં જોઇએ તો યંત્રની માફક માણસો સવારથી મોડી રાત સુધી કામ કરતાં જોવામાં આવે છે, તેઓ ખાય છે તોપણ એટલી ઉતાવળથી કે દાંત અને અન્નને હજુ સંબંધ બરાબર ન થયો હોય ત્યાં તો તેની ઉશ્કેરણી કરે તેવાં અથાણાં ચટણી મૂકી સર્વને ગળાંની અંદર ધકેલી દેવામાં આવે છે, પરિણામે અપચો થાય તેમાં નવાઇ નથી. એ ઉપરાંત આડેઅવળે વખતે જે તે વસ્તુ ખાવામાં આવે છે, મગજ કે શરીરને નુકશાન કરનારી ઉત્તેજક વસ્તુઓ અને ઉશ્કેરનારાં પીણાં પીવામાં આવે છે અને કેટલાકને તો વખતસર ખાવાની ફુરસદ પણ મળતી નથી. આવાં અનેક કારણોથી વ્યાધિનાં પ્રસંગો વધે છે.

નાનાં ગામડાંઓમાં જોઇએ તો ત્યાં મોટાં શહેરો કરતાં બીજાં કારણોજ કામ કરતાં જોવામાં આવે છે. કેટલીકવાર આળસ પ્રમાદ એટલો હોય છે કે જે કુદરતનો સંબંધ વધારવાનો તેમને લાભ મળ્યો હોય તેનો લાભ ન લેતાં તેઓ નકામા બેસી રહે છે, ખાવામાં અનિયમિતપણું કરે છે અને હવે તો ત્યાં પણ ચા, સોડાવોટર અને ઘણા ગામોમાં મદ્ય પણ દાખલ થઇ ગયેલ છે. સાદો ખોરાક પણ કેટલીકવાર ગરીબાઇને લીધે પુરતો મળી શકતો નથી. આવા અનેક કારણે શહેર ને ગામડાઓમાં વર્તમાન સ્થિતિને લઇને વ્યાધિના પ્રસંગો વધારે આવે છે એ નિઃસંદેહ છે. સર્વથી અગત્યની બાબત તેમાં શાતા અશાતા વેદનીયને અંગે વિચારણા કરવાની છે. કર્મના શુભાશુભપણાને લઇને અને આજુબાજુના સંયોગો જે પણ કર્માનુસારજ ગોઠવાઇ જાય છે તેને લઇને વ્યાધિના પ્રસંગો–મંદવાડ માણસને આવે છે એ નિર્ણિત વાત છે, તેથી આપણે એ ધોરણ ઉપરજ વિચાર કરીએ. જ્યારે લોકો નિયમિત ખોરાક, સાદાં જીવન, મોજશોખનો ત્યાગ અને માંદાની યોગ્ય સારવાર કરવાની પદ્ધતિ સમજશે ત્યારે વ્યાધિઓ ઓછા થશે અને થયેલ વ્યાધિઓ પોતાનું જોર ઓછું બતાવશે એ સંદેહ વગરની બાબત છે અને એ સર્વ અગત્યની બાબતમાં લોકોનું વારંવાર ધ્યાન ખેંચવાની જરૂર છે. આપણા લોકોમાં વાત્સલ્ય–પ્રેમ એટલો બધો હોય છે કે માંદાની સગવડ કે માવજતની ખાતર તેઓ કલાકો રોકે, દિવસો સુધી તેની પાસે હાજર રહે, ગમે તેટલો ખરચ કરે, પણ વ્યવસ્થા આવડતી ન હોવાથી તમે તેમને માંદા સાથે અથવા તેની પાસે વાત કરતા જોશો તો ઢંગધડા વગરની અને માંદા

આયુર્વેદને ઉત્તેજે તેવી. તેમાં એક સાધારણ પાઠો ભણતા જોશો તો તેમાં ઘણુંખરું અહિંસાની જીવદયાની અને ટુંકામાં કહીએ તો આયુર્વેદ, એલોપથી તથા સુશ્રુતના એકથી ઘણા આયુર્વેદો કેટલાં તફાવત બતાવતાં માલુમ પડશે. સારવાર અને તેની પદ્ધતિનો વિષય ઘણો અગત્યનો છે અને અહિંસા ધર્મને તેની સાર્વત્રિક દિશાએ ફેલાવવાનો ઝુંડો પકડનાર જૈનોએ તો તે ખાસ સમજવા અને વિચારવા યોગ્ય છે. તેને અંગે આપણા સાધુ-સાધ્વીઓ તથા વિધવા થયેલી શ્રાવિકાઓ ઘણું કરી શકે તેમ છે તે હવે પછી એક જુદા લેખમાં વિચારશું. અત્ર તો પ્રસ્તુત બાબત એટલી જ છે કે અનેક કારણોને લઈને વ્યાધિના પ્રસંગો હાલમાં વધ્યા છે અને હજુ સમયસર ચેતવામાં નહિ આવે તો વધવાનો સંભવ છે. આમાં આપણે રાજકીય પરિસ્થિતિને બીલકુલ ઠપકો આપવાનો નથી, કારણ કે આપણે પશ્ચિમના લોકોનું વગર વિચાર્યું અનુકરણ કરીએ અને તેને અંગે આપદા વહોરી લઈએ તો તેમાં રાજ્યની જોખમદારી ભાગ્યેજ ગણી શકાય. આપણી ખાવાપીવાની વસ્તુઓમાં તેમજ પહેરવેશ અને કામકાજમાં સમજણ વગરની અને લાભ વગરની નકલ થતી ઘણી જોઈ શકાશે. તેથી આપણા આખા જીવનપર અને તેને અંગે થયેલા પરિવર્તન (ફેરફાર) પર બહુ ચોક્કસ રીતે અવલોકન કરવાની જરૂર રહે છે અને તેમ કરવાથી બહુ વિચારવા યોગ્ય સ્થિતિ પ્રાપ્ત થશે એમાં સંદેહ લાગતો નથી. પ્રસંગે એ બાબત પણ હાથ ધરવા યોગ્ય છે.

અહીં મૂળ બાબત એટલીજ સ્થાપિત કરવાની છે કે અનેક કારણોને લઈને વર્તમાન કાળમાં મંદવાડના પ્રસંગો વધતા જાય છે અને આપણી અસલ ને સાદી જીંદગી હતી તેમાં મોટો ફેરફાર થતો જોવામાં આવે છે, તેમ હજુ પણ એવા પ્રસંગો વધશે એમ લાગે છે. આવી પરિસ્થિતિને અંગે આપણે શું કરવું જોઈએ તેનો વ્યવહાર અને ધર્મદષ્ટિએ વિચાર કરવાને આ પ્રસંગ હાથ ધર્યો છે.

કોઈપણ વ્યાધિ થયો હોય ત્યારે 'હવે મારૂં શું થશે ? મારે કોનું ઓસડ કરવું ? મુંબઈ જઉં તો આરામ થાય પણ મીરજ જઉં તો વધારે સારૂં, અમુક પ્રવીણ પુરૂષ ( એક્સપર્ટ ) નો અભિપ્રાય લઉં તો જરૂર વ્યાધિ મટી જાય, અરેરે ! હું મરી જઈશ તો મારાં બાઈડી છોકરાં રખડશે ! આ વ્યાધિ દરરોજ વધતો જાય છે ! હવે તો અન્ન ઉપર રૂચિ પણ થતી નથી ! ખોરાક પચતો નથી !' આવાં આવાં નકામાં વિચારો કરવામાં આવે છે તેને રોગચિંતા આર્ત્તધ્યાન કહેવામાં આવે છે. વ્યાધિ થાય તો વૈદ્યને પૂછવું નહિ એમ કહેવાનો અમારો આશય નથી; ઔષધ વ્યાધિના વિનાશમાં નિમિત્ત કારણ છે, તેથી ઉપચાર કરવાની મર્યાદા બાંધેલી છે, એટલે જરૂર પૂરતાં ઉપચાર કરતાં વ્યાધિમાં સહજ પણ ફેરફાર ન થાય

[illegible] કાંઈ વધારે થાય તો વૈદ્ય કે ડાક્ટરની ફેરબદલી કરવી, પણ આખો દિવસ તેને માટે મનના ઉકળાટ રાખી મુંઝાયા કરવું અને જાણે પોતાનું જીવન નકામુંજ થઈ ગયું છે, આ દુનિયામાં વ્યાધિના ઉપાયો સિવાય બીજી કોઈપણ વિચારવા સમજવા કે જાણવા જેવી વસ્તુ છે જ નહિ એમ ધારવું નહિ. વ્યાધિના ઉપાયો વિચારવા, જરૂરી ઉપચારો કરવા અને બાકીના વખતમાં આત્મવિચારણા કરવી. જેઓ આખો વખત રોગચિંતા કરે છે તેઓને દુર્ધ્યાન થાય છે, માનસિક નબળાઈ વધતી જાય છે અને તેજ ચિંતા વ્યાધિ વધવાનું એક કારણ બને છે. ચિંતા કરવાથી વ્યાધિ ઘટતો નથી પણ ઉલટો વધે છે, આથી માંદાની પોતાની નજરે જોઈએ તો પણ રોગચિંતા કરવી બીલકુલ યોગ્ય નથી. ઉપચાર અને સારવારનો અત્ર નિષેધ નથી, પણ અર્થ અને પરિણામ વગરની ચિંતા અકર્તવ્ય છે એ વાત ખાસ લક્ષ્યમાં રાખવા યોગ્ય છે. આ રોગચિંતા એ આર્ત્તધ્યાનનો એક ભેદ છે, સંસારમાં રખડાવનાર છે અને જે પ્રાણી પોતાની ઉન્નતિ કરવા ઈચ્છતો હોય તેણે તે કરવા યોગ્ય નથી.

વ્યાધિગ્રસ્ત માણસે તો અવકાશનો ઉપયોગ મનને સારે માર્ગે દોરવવામાં જ કરવો. કેટલાક વ્યાધિ તો એવા શાંત હોય છે કે સાધ્યદૃષ્ટિવાળા પ્રાણીઓ તેમાં ખરું આત્મસાધન કરી લે છે અને વ્યાધિને આદરણીય માને છે. એટલી હદ સુધી જેઓ જઈ શકે તેવું ન હોય તેમણે પણ નકામી ચિંતા તો કરવીજ નહીં, એવી ચિંતા કરવાથી કાંઈ લાભ થતો નથી અને ઉલટું ઉપર જણાવ્યું તેમ નુકશાન થાય છે. રોગચિંતા આવી રીતે નિવારણ કરવા યોગ્ય છે.

વ્યાધિને અંગે અત્યાર સુધી જે વિચારણા થઈ તે માંદા પડેલા માણસને અંગે થઈ, હવે પ્રેમ—વાત્સલ્ય કે દયાને અંગે માંદા તરફ આપણી શું ફરજ છે તેની વિચારણા કરીએ. જનસમાજને માંદા પ્રત્યે બે પ્રકારની ફરજ પ્રાપ્ત થાય છે; એક તો વ્યાધિના પ્રસંગો ન આવે તેવું જ્ઞાન ફેલાવવું અને બીજું જે માંદા પડી ગયા હોય અથવા મંદવાડ ભોગવતા હોય તેમને મંદવાડ દૂર થાય અને મંદવાડ હોય તે દરમ્યાન તેમને વ્યાધિનું દુઃખ ઓછું થાય તેવા પ્રસંગો પ્રેમ અને દયા ખાતર યોજી આપવા. દુઃખીની દયા કરવી, તેમના તરફ માયાળુ ભાવ દેખાડવો, તેમના તરફ સહાનુભૂતિ દર્શાવવી અને તેમને ઉત્સાહમાં રાખવા એ સર્વનો દ્રવ્યદયા અને પરદયામાં સમાવેશ થાય છે. મંદવાડને અટકાવવાને અંગે તથા માંદાને દુઃખ ઓછું કરવાને અંગે દયામય ધર્મીઓની જે બેવડી ફરજ અત્ર જણાવી તેપર સંક્ષેપમાં વિચાર કરી જઈએ.

મંદવાડ અટકાવવાને અંગે આપણે સગવડ ખાતર કર્મનો સિદ્ધાન્ત થોડા વખત ભૂલી જઈએ. અશાતા વેદનીયના ઉદયથી વ્યાધિ આવે છે એ વાત તદ્દન સત્ય છે, પણ કેટલાક તે માનવામાં આંચકો ખાતા હોય તો આપણે તે વાત જરા

[illegible] જણાશે. વર્તમાન વૈદક નિયમ એવો છે કે આહાર અને વિહારના જે કુદરતી નિયમો છે તેમાં ગફલતી કરવી એ ગુન્હો છે. અતિ ખોરાક લેવો, અનિયમિત ખોરાક લેવો, ગમે તેવો તુચ્છ ખોરાક લેવો, મગજને ઉશ્કેરણી કરે તેવો ખોરાક લેવો, ભારે ખોરાક લેવો વિગેરે વ્યાધિને આણનાર છે. જૈનશાસ્ત્રમાં અનાજ તપાસવાની, તેને ઝાટકી નાખવાની તથા શાકપાન બરાબર જોવાની જે પદ્ધતિ બતાવી છે, રાત્રિભોજન ન કરવાનો જે વૈદક નિયમાનુસાર પણ ઉપયોગી વિષય બતાવ્યો છે, એકઋતુના નિયમો સમજાવ્યા છે, વાશી વિદળ ન ખાવા ફરમાન કર્યું છે, અનેક રીતે સ્વચ્છતા રાખવાના ફરમાન કર્યાં છે તેમાં જેટલાનો ભંગ કરવામાં આવે તેટલી તેને સજા થાય છે અને જેમ ચોરી લુંટ ખૂન માટે સરકાર સજા કરે છે. તેમ કુદરતના કાયદાનો ભંગ કરનારને વ્યાધિરૂપ કુદરત સજા કરે છે. તેમાં નાના મોટા ગુન્હાને અંગે વધારે ઓછી સજા થાય છે. જેવી રીતે વર્તમાન વૈદકના નિયમો અમુક રીતે આહાર વિહારની પદ્ધતિ વર્ણવે છે તેવી રીતે દયાને લઈને જૈનધર્મમાં પણ આહારવિહારને અંગે અનેક નિયમો પદ્ધતિસર બતાવવામાં આવ્યા છે અને ધર્મદૃષ્ટિએ તેને અનુસરવાની ઇચ્છા ન હોય તેઓ પણ જો તેઓને જીવનવ્યવહાર નિષ્કંટક ( વ્યાધિરહિત ) રહેવા સારૂ અનુસરે તો પણ ઘણો લાભ કરે છે, શરીરને તંદુરસ્ત રાખે છે અને 'પહેલું સુખ તે જાતે નર્યા' એ કહેવતને સત્ય કરી આપે છે. જૈનશાસ્ત્રમાં દયાને અંગે જે નિયમો ઝીણવટથી બતાવવામાં આવ્યા છે તે બરાબર વિચારવા અને સમજવા યોગ્ય છે. આર્યાવર્તના વૈદકીય ગ્રંથોમાં શિરોમણિ લેખક ગણાય છે તે કહે છે કે પ્રમાદો હિ મૃત્યુઃ પ્રમાદ એજ મરણ છે. આયુર્વેદનું પ્રથમ સૂત્ર પણ એજ છે. મતલબ એના કહેવાનો આશય એ છે કે જેટલી જેટલી ગફલતી કરવામાં આવે છે, કુદરતના આહારના નિયમોનો ભંગ કરવામાં આવે છે તેટલી તંદુરસ્તી બગડે છે અને મૃત્યુ નજીક આવે છે. આવી રીતે વર્તમાન વૈદકિય નિયમો, આર્યાવર્તનો આયુર્વેદ અને જૈનધર્મના વ્યવહારૂ નિયમો આહાર અને વર્તનને અંગે બતાવેલા છે તેને અનુસરવામાં પરલોકનો વિચાર ન કરવામાં આવે તો પણ ઘણો લાભ છે.

આપણે જરા અવલોકન કરીને જોશું તો તુરત જણાશે કે લગભગ દરેક વ્યાધિના મૂળમાં કોઈ ગુન્હો કરેલો હશે જ. કેટલીકવાર લાંબા વખતની બેદરકારી અથવા શરીરમાં (હોજરીમાં) જમાવ થતો મળ-કચરો હેરાન કરે છે, અને ગટર પૂરી ભરાઈ જતાં તે વ્યાધિરૂપે ઉભરાય છે, પણ થોડો થોડો જમાવ થતો હોય તેની આપણને ખબર પડતી નથી, છતાં સૂક્ષ્મ વિચારણા બહુ સારી રીતે આ બાબત સ્પષ્ટ કરી શકશે. તમે કોઈ વિદ્વાન્ ડાક્તર પાસે જશો તો તે પ્રથમ તમારો આખો ઇતિહાસ પૂછશે, વરસો સુધીમાં તમારૂં વર્તન અને વ્યવહાર કેવા હતા તે સમજશે અને ત્યારપછી જ વ્યાધિનું નિદાન કરશે. આથી

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તું ખાતું [illegible] કેમ [illegible] અને કેટલા પ્રમાણમાં [illegible] કુદરતના નિયમાનુસાર સવાલો છે એમ જણાશે. નકામા વ્યાધિના [illegible] અટકાવવા માટે આહારના નિયમો બરાબર સમજવા યોગ્ય છે, સમજીને [illegible] મૂકવા યોગ્ય છે. કેટલીકવાર અટકાયત માટે જે વિચારણા અથવા નિયમો [illegible] હોય તેની બાહ્ય નજરે કિંમત થતી નથી, પણ સુજ્ઞને તો તેની કિંમત [illegible] સમજાય છે. ગુન્હો થયા પછી તેને ગમે તેટલી મુશ્કેલીએ શોધી કાઢનાર પોલીસના વખાણ થાય છે, પણ શાણી સરકાર તો જે વિભાગમાં પોલીસની ચાલાકીથી ગુન્હા થવાજ ન પામે તેને વધારે શાબાશી આપે છે. અસાધારણ સાવધાનતા રાખી ગુન્હેગારોને ઓળખે, તેમને જોરમાં આવવા ન દે. ગુન્હાની વસ્તુ કે પ્રસંગોને સાવધાનીથી ચોકીમાં રાખે—એવી ચાલાક પોલીસ જે શહેર કે જીલ્લાઓમાં હોય છે ત્યાં ગુન્હા બનતા જ નથી. કદી બને છે તો બહુ અલ્પ બને છે ને તે તરતજ પકડાઈ જાય છે. આવીજ રીતે શરીરના સંબંધમાં સમજવું. એવી રીતે શારીરિક ગુન્હા ન કરવામાં કાંઈ ઘસારો પડશે એમ ધારવું નહિ; વારંવાર ખાવાથી અને જઠરાગ્નિને આખો વખત હળાવેલી કે ઉદ્યોગમાં રાખવાથી એને જરા પણ રાહત મળતી નથી અને શારીરિક સંચાનો અતિ ઉપયોગ થવાથી તે તુરત ઘસાઈ જાય છે. ખાધું ને સાચું—એ કહેવત તદ્દન ખોટી છે, વધારે ખાવાથી બળ વધે છે. માટે જોઈતો સારો ખોરાક વખતસર અને અલ્પ પ્રમાણમાં લેવાની જરૂર છે. આ સર્વ બાબતનું લોકોમાં જેમ બને તેમ વધારે જ્ઞાન ફેલાવવાની જરૂર છે, હવા પ્રકાશના કાયદા સમજાવવા જેવા છે અને ઓછું ખાવાથી, શરીર શક્તિ અનુસાર તપશ્ચર્યા કરવાથી, નિયમિત રહેવાથી અને યોગ્ય વ્યાયામ લેવાથી શરીરને ઘસારો પહોંચતો નથી પણ ઉલટો લાભ થાય છે, વ્યાધિ અટકાવવાના પ્રસંગો આવી રીતે લોકોના મન પર ઠસાવવાની જરૂર છે. ખાવા પીવાના નિયમોનો ભંગ કરવો એ સાધારણ લોકભાષામાં બોલીએ તો કુદરતના નિયમનો ભંગ છે તેને અંગે નીચેની બાબત ખાસ વિચારવા જેવી છે.

રા. ભીમભાઈ દેશાઈ નામના કેળવણી ખાતાના ઇન્સ્પેક્ટરે શ્રી મુંબઈ માંગરોળ સભા સમક્ષ વિદ્યાર્થીના માબાપોને અગત્યની સૂચનાઓ કરવા સારૂ ત્રણ ભાષણ વૈશાખ માસમાં આપ્યા છે, તે ભાષણ કરતાં તેમણે એક સૂચના કરી કે 'છોકરાઓને નિશાળમાં દરરોજ અને આખો વખત હાજર રાખવાજ જોઈએ.' તેના અપવાદમાં લગ્નાદિ પ્રસંગે પણ ગેરહાજર ન રાખવા સૂચના કરી તે તો સમજાણી, પણ પછી તેમણે જણાવ્યું કે 'માંદગીને પ્રસંગે પણ ગેરહાજર ન રાખવા' આ વાત પ્રથમ દ્રષ્ટિએ સમજાણી નહિ, પણ ત્યાર પછી તેમણે જણાવ્યું કે "કોઇ વિદ્યાર્થી એમ કહે કે તે માંદો છે તો પોતાને તેને માટે ઘણું ખોટું લાગતું હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ દુનિયામાં ચાર પ્રકારની સજા થાય છે. ધાર્મિક સજા (religious Sanction) ધર્મશાસ્ત્રે જે ફરમાન કર્યું હોય તે ન કરવાથી અને ન કરવા કહ્યું હોય તે કરવાથી જે સજા થાય તે—પ્રાયશ્ચિત, અતિચારાદિ; ન્યાતજાતની સજા (social sanction) એટલે જ્ઞાતિના માનેલા નિયમોનું ઉલ્લંઘન કરવાથી જ્ઞાતિ તરફથી તિરસ્કાર દંડ કે બીજી સજા થાય તે. જન સમાજ તરફથી વ્યવહારના નિયમોને નહિ અનુસરવા માટે અથવા વ્યાપારીમંડળના નિયમોને તેના જે સભ્યો ન અનુસરે તેમની સાથે વ્યવહાર બંધ થાય, દંડ થાય એ સર્વ આ સમાજસજાની નીચે આવે છે; (તેમાં તેનો સમાવેશ થાય છે.) ત્રીજી સજાને રાજ્યદ્વારી સજા (political sanction) કહેવામાં આવે છે. ચોરી કરનારને કેદખાનું, ખુન કરનારને ફાંસી, ઘાયલ કરનારને ફટકા વિગેરે. અને કુદરતની સજા (nature sanction) કુદરતના નિયમોને વિસારી મૂકવાથી કે ઉલ્લંઘવાથી જે સજા થાય તે. આમાં પ્રથમની ત્રણ સજાઓને ઉડાવી શકાય છે, ધર્મની સત્તા ન સ્વીકારો એટલે તમે છુટા છો, નાત, જાત કે સમાજના બંધનને લાત મારો તેનાથી છુટા થઈ જાઓ તો તેની સજાથી બચી શકો, બીકુતથી યુક્તિપૂર્વક ન પકડાઓ તેવી રીતે ગમે તેવો ગુન્હો કરો તો સ્ટેટ તમને સજા ન કરી શકે; કારણકે વર્તમાન પુરાવાની પદ્ધતિ એવી છે કે ગુન્હો સાક્ષી પુરાવાથી સાબીત થવો જોઇએ. મતલબ તમે ઉપરની ત્રણે પ્રકારની સજામાંથી છટકી શકો ખરા, પણ કુદરતના નિયમોનો જો ભંગ કરો તો તેની સજા થયા વગર રહેતી નથી, એમાંથી છટકી જવાની કોઇ સુક્તિ કે કુયુક્તિ કામે લાગતી નથી.” આટલા ખુલાસા સાથે વાત કરી તેમણે જણાવ્યું કે માંદા ન પડે એવી રીતે જો કુદરતનાં નિયમોને અનુસરવામાં આવતું હોય તો વિદ્યાર્થીને માંદવાડ ખાતર ગેરહાજર રહેવાનો પ્રસંગ આવે જ નહિ. (ચાલુ).

## हितशिक्षाना रासनुं रहस्य.

( અનુસંધાન પૃષ્ટ ૯૦ થી )

પ્રતિક્રમણ કર્યા પછી શ્રાવક ઘરની પૌષધશાળામાંથી અથવા ઉપાશ્રયમાંથી બહાર નીકળે એટલે પ્રથમ કોઇનું મુખ ન જોતાં પોતાના હાથની હથેળી જુએ, તેમાં પુરૂષ જમણા હાથની હથેળી જુએ અને સ્રી ડાબા હાથની હથેળી જુએ, એમ જોવાથી ભાગ્યની પણ પરીક્ષા થાય છે. ( મનુષ્યની આખી જીંદગીમાં જે જે બનાવો બનવાના હોય, માતા પિતા કે મોસાળનું જેટલું સુખ ભોગવવાનું હોય, સ્રી કે સંતતી જેટલી થવાની હોય, લક્ષ્મી જેટલી મળવાની હોય, જેવો ઉદાર, શ્રદ્ધાળુ કે પ્રસિદ્ધ થવાનો હોય, જેટલું આયુષ્ય ભોગવવાનું હોય–ઇત્યાદિ સર્વ હકિકતોનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચિત્ર હાથની હથેળીમાં રેખારૂપે હોય છે. તેને સામુદ્રિક તથા જ્યોતિષશાસ્ત્રાદિના વેત્તા બરાબર સમજી શકે છે. જન્મપત્રિકા વિગેરેમાં જેટલાં ભુવન કાઢવામાં આવે છે તે દરેક ભુવનની હકીકત રેખારૂપે હાથની હથેળીમાં આળેખાયેલી હોય છે; પરંતુ તેને વાસ્તવિક સમજનારા ને ઓળખનારા બહુ અલ્પ મનુષ્યો હોય છે. )

કેટલાક અનુભવીઓ બંને હાથની હથેળી ભેળી કરીને જોવાનું કહે છે. અને તેની અંદર અંગુઠા વિનાના ૮ આંગળાના ૨૪ વિભાગોવડે ૨૪ તીર્થંકરોના નામ સ્મરણ કરવાનું સૂચવે છે. તેમજ બે હથેળી ભેળી કરતાં આયુષ્ય રેખા અર્ધ ચંદ્રાકારે મળેલી દેખાય છે, તેનાવડે સિદ્ધ પરમાત્માના સ્થાનને ( સિદ્ધશિલાને ) સંભારી તેની ઉપર વર્તતા અનંતા સિદ્ધોને નમસ્કાર કરવાનું સૂચવે છે. આ અનુભવ પણ ઉપયોગી છે.

પછી શ્રાવક પ્રતિક્રમણના વસ્ત્ર બદલી અન્ય વસ્ત્ર ધારણ કરે. વસ્ત્ર પહેરતાં મૌન રહે–બોલે નહીં, પછી શરીર શંકા ટાળે. તેમાં દિવસે મળમૂત્રાદિ ઉત્તરદિશા સામે કરે અને રાત્રીએ દક્ષિણદિશાની સામે રહીને શંકા ટાળે. મળમૂત્ર ટાળવાની અંદર અનેક પ્રકારનો વિવેક જાળવવાની જરૂર છે. તેમાં પણ જીવાકુળ સ્થાન તો અવશ્ય વર્જવા યોગ્ય છે. મુનિને નિહારના ૧૦૨૩ દોષ ટાળવાના **શ્રી પ્રવચન સારોદ્ધારાદિમાં** વિસ્તારથી બતાવ્યા છે. શ્રાવકને માટે રાસનાં કર્ત્તા કહે છે કે–જ્યાં ભસ્મનો ઢગલો પડયો હોય, છાણુ પડ્યું હોય અને ગૌશાળા ( ગોંદરો ) હોય ત્યાં સ્થંડિલ કે માત્રું ન કરે. જ્યાં રાફડો હોય, જ્યાં મળમૂત્ર કે મળમૂત્રના ઠામો પડેલા હોય, જ્યાં વૃક્ષ, અગ્નિ કે જળ હોય અને જ્યાં આરામ લેવાના સ્થાન–વિસામા વિગેરે હોય ત્યાં મળમૂત્રાદિ ન કરે. નદીમાં, માર્ગમાં કે સ્મશાનમાં મળમૂત્ર ન કરે, જતી આવતી સ્ત્રીની નજર પડે તેવું હોય અથવા વડિલની નજર પડતી હોય ત્યાં પણ મળમૂત્ર ન કરે, જ્યાં પથ્થર, ડુંગર, ટાકર જમીન, રેતી વિગેરે નિર્જીવ અને સૂકાં સ્થાન હોય ત્યાં પ્રથમ દ્રષ્ટિવડે જીવજંતુ નથી એટલી ખાત્રી કરીને પછી મળમૂત્રાદિનો ત્યાગ કરે. તેમાં સમજુ માણસે ઉતાવળ ન કરવી. કારણ કે ઉતાવળ કરવાથી બાધા પૂરી ટળતી નથી, એટલે ક્યાં તો ફરી જવું પડે છે અથવા શરીરમાં ઉપાધિ ઉત્પન્ન થાય છે. ગુહ્યસ્થાન સારી રીતે જળને મૃત્તિકાદિવડે સાફ કરવું, હાથ સારી રીતે રક્ષા વિગેરે લઈ ઘસીને ધોવા, તે કાર્યમાં પ્રમાદ ન કરવો. સ્થંડિલ માટે ઘરથી દૂરજ જવું, શારીરિક કારણ શિવાય નજીકમાં ન જવું. આ સંબંધમાં **વિવેકવિલાસમાં** પણ સારી રીતે વિચાર જણાવેલો છે. અને જ્યાં કોઇએ વમનાદિ કરેલ ન હોય અને જ્યાં ગાયો બેસતી ન હોય તેવે સ્થાનકે સ્થંડિલ જવાનું બતાવેલું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યતિને માટે શ્રી ઓઘનિર્યુક્તિમાં કહ્યું છે કે—“જ્યાં ઘર નીચાં હોય, જ્યાં બહુ માણસોની વસ્તી હોય, માણસો નજરે દેખી શકે તેમ હોય તેવે સ્થાનકે મુનિ સ્થંડિલ ન જાય. પણ જ્યાં જવાથી લોકમાં ઉડ્ડાહ ન થાય-નિર્લજ્જ ન કહેવાય તેવે સ્થળે મુનિ સ્થંડિલ નિમિત્તે જાય.” જે જમીન બહુ ઉંચી નીચી હોય અને તૃણ વ્યાપ્ત હોય, ઘાસ ઉગેલું હોય કે પડેલું હોય તે જમીન સ્થંડિલ માટે વર્જ્ય કહી છે. જે જમીનનો વર્ણ છએ ઋતુમાં બદલાતો હોય તેવી જમીનપર પણ સ્થંડિલ જવાનો નિષેધ કરેલો છે. મુનિ જઘન્યથી જે જમીન ચાર અંગુળ પર્યંત અચિત્ત છે એમ જાણે ત્યાં સ્થંડિલ જાય. તેમ ઘર, વાડી, દેવળ, કીડી મંકોડા વિગેરેના બીલ (દર), માણસોની ચોર વિગેરે સ્થાન વર્જે અને અતિ દૂર, ત્રસ જીવરહિત તેમજ જ્યાં બીજ કે અંકુરા બીલફુલ ન હોય તેવે સ્થાનકે સ્થંડિલ જઇને વોસિરાવે અને તેની ઉપર રજ ઢાંકી દેય. કેમકે તેમ ન કરે તો તેમાં સંમુર્છિમ જીવોની ઉત્પત્તિ થવાનો સંભવ છે.

શ્રી પન્નવણાજીના પહેલા પદમાં ચૌદ સ્થાનકે સંમુર્છિમ મનુષ્યની ઉત્પત્તિ થાય એમ કહ્યું છે, તે જીવો અઢીદ્વીપમાં જ ઉત્પન્ન થાય છે, તેનું આયુષ્ય અંતર્મુહુર્તનુંજ હોય છે, અપર્યાપ્ત અવસ્થામાંજ તે મરણ પામે છે, તેને પાંચ પર્યાપ્તિ ને સાત આઠ પ્રાણ હોય છે. ( અસન્ની પંચેંદ્રિયને નવ પ્રાણ કહેલા છે, પરંતુ તે તિર્યંચ પંચેંદ્રિયને ઉદ્દેશીને સમજવા. ) સંમુર્છિમ મનુષ્ય, મનુષ્યની અશુચિમાં જ ઉત્પન્ન થાય છે. તેને માટે કહેલા ચૌદ સ્થાન આ પ્રમાણે જાણવા–મળમાં, મૂત્રમાં, શુક્રમાં, શોણિતમાં, સ્રીમાં, વમનમાં, છુટા પડેલા વીર્યમાં, શ્લેષ્મમાં, બડખામાં, પિત્તમાં, મનુષ્યના કલેવરમાં, નગરની ખાળમાં, સ્ત્રી પુરૂષના સંયોગમાં અને સર્વ અશુચિ સ્થાનોમાં બે ઘડીની અંદર સંમુર્છિમ જીવોની ઉત્પત્તિ કહેલી છે. તેથી તેને તજી દીધા પછી રક્ષાદિવડે ઢાંકી દેવા. અર્થાત્ જે પ્રકારે તેમાં જીવોત્પત્તિ ન થાય તેમ કરવું. જે મનુષ્યો એવી રીતે જયણા કરતા નથી તે તેમાં અર્થાત્ ભવાંતરે તેવા પદાર્થોમાં તે જાતિના જીવોપણે ઉપજે છે–ઉપજવું પડે છે. માટે જેમ બને તેમ અશુચિ પદાર્થોની સારી રીતે જયણા કરવી.

શારીરિક સુખાકારી ( તંદુરસ્તી ) ને માટે પણ આ હકીકત બહુજ ઉપયોગી છે. હાલના શારીરિક વિદ્વાનો મળ, મૂત્ર, શ્લેષ્મ, બડખો, થુંક વિગેરે જાહેર રસ્તા પર ન નાખવાનું અને તેને ઢાંકી દેવાનું અથવા નાશ કરવાનું સૂચવે છે. વ્યાધિગ્રસ્ત માણસના મળમૂત્રાદિને તો બાળી દેવાનુંજ કહે છે. આ હકિકત શરીર સુખાકારીના ઇચ્છકોએ પણ ખાસ ધ્યાન આપવા યોગ્ય છે.

સ્થંડિલ માટે દૂર જનારે પાછા આવતાં માર્ગમાં વિસામો લેવો અને પોતાના શરીરની શાતાને માટે જ્યાં શિતળ–ઠંડકવાળું સ્થાન હોય ત્યાં બેસવું. શરીરની

For Private And Personal Use Only

વાનો ઇચ્છકે આંસુ, ક્ષુધા, તૃષા, પવન સંચાર, છીંક, બગાસું, શંકા ( [illegible] લજવાડ઼ા ), વમન, વીર્ય, શ્વાસ, શ્રમ, નિદ્રા ને ખાંસી—આ તેર વાનાં તરતમ વર્જવાં—તેને રોકવાં નહીં. આંસુ રોકવાથી ગભરામણ થાય છે, ક્ષુધા તૃષા રોકવાથી શક્તિ ઘટે છે, પવનસંચારાદિ શારીરિક હાજતો રોકવાથી અનેક પ્રકારના વ્યાધિઓ ઉત્પન્ન થાય છે. શ્રમ લાગ્યા પછી ચાલવાથી શરીરને ઘણો ઘસારો લાગે છે. નિદ્રા આવતી રોકવાથી શરીર બગડે છે અને ઉલટો પ્રમાદ વધે છે. નિરોગી રહેવાના ઇચ્છક મનુષ્યે આ તેર બાબતના સંબંધમાં બહુ ધ્યાન આપવાની જરૂર છે. આ સંબંધમાં વૈદ્યક શાસ્ત્ર બહુ ભાર મૂકીને તેને ન રોકવાની ભલામણ કરે છે.

હવે મનુષ્યને ચેતવા માટે રાસના કર્ત્તા પ્રસંગોપાત જણાવે છે કે—' જયારે શુક, છીંક, મળ ને મૂત્ર—આ ચારે વાના સમકાળે થાય ત્યારે પોતાનું આયુષ્ય બહુ અલ્પ રહ્યું છે એમ જાણી પ્રાણીએ અવશ્ય ચેતવું. વળી જ્યારે વરસાદનો ગર્જારવ કાને ન સંભળાય. આંખે વીજળીનો ચમકારો ન દેખાય અને મૂત્રની ધાર એંચી રહી શકે નહીં ત્યારે માનવું કે આયુષ્ય પૂરું થયું છે. તે વખતે સુજ્ઞ મનુષ્યે ચેતવું એટલે પ્રમાદ તજી દઇને ધર્મમાં સાવધાન થઈ જવું. તેવે વખતે પણ જે પ્રાણી ચેતતા નથી તેની મનુષ્ય જીંદગી એળે જાય છે અને તેને પારાવાર પસ્તાવો થાય છે કે જે પસ્તાવાનું વાળણ કરવાનો વખત પછી તેના હાથમાં રહેતો નથી.

આ સંબંધમાં રાસકર્ત્તા ઋષભદાસજી કહે છે કેઃ—

મરણ સમય ચેત્યો નહીં, ન કર્યો ઉંચો હાથ;
આરાધના અણસણ વિના, ચાલ્યો જીવ અનાથ.
જિહાં બે પહોર જગામણું, તિહાં જીવ સંબળ લેહ;
જિહાં ચોરાશી લખ ભ્રમણ, તિહાં નર વિલંબ કરેહ.
જાવ જીવ ધન મેળિયું, કોઇ ન આવે સાથ;
ધન મૂકીને ચાલીયો, ભૂમિ પછા બેહુ હાથ.
પુહવી નિત્ય નવેરડી, પુરૂષ પુરાણા થાય;
વારે લધ્ધે આપણે, નાટક નાચી જાય.
પુહુવી રંગ વિરંગિણી, કદિ નવિ પુગી આશ;
કેતા રાય રમાડિયા, કેતા ગયા નિરાશ.

"મૃત્યુ સમયે પણ જે પ્રાણી ન ચેત્યો. અને પ્રભુને પગે લાગવા તેમજ ઉત્તમ કાર્યમાં લક્ષ્મી આપવા ઉંચો હાથ જેણે ન કર્યો તે ધર્મ આરાધ્યા વિના અને અણસણ કર્યા વિના ખાલી હાથે ચાલ્યો જાય છે. જુઓ ! આ પ્રાણીની કેવી મૂર્ખાઈ છે કે જ્યાં બે પહોર માત્ર રહેવાનું હોય ત્યાં જતાં પણ સાથે ભાતું લેય છે, અને જ્યાં ચોરાશી લાખ જીવાયોનિમાં પરિભ્રમણ કરવાનો માથે ભય રહેલો છે ત્યાં જતાં--ભવાંતરમાં ગમન કરતાં ત્યાં કામ આવે તેવું ધર્મરૂપી અથવા પુન્યરૂપી ભાતું

ઐયાસી-ખાતું બાંધવામાં વિલંબ કરે છે. હે આત્મા ! તું વિચાર કર કે જાવજીવ સુધી-આખી જીંદગી પર્યંત તેં અનેક પ્રકારના પાપસ્થાનો સેવવા વડે દ્રવ્ય મેળવ્યું-ભેગું કર્યું, પરંતુ તેમાંથી કિંચિત્ પણ તારી સાથે આવવાનું નથી. તું ખાલી હાથે તે બધું દ્રવ્ય અહીં મૂકીને ચાલ્યો જવાનો છે, અને તારા બંને હાથ ભોંય પ. છડવાના છે. આ પૃથ્વી તો નિત્ય નવી નવી છે. તે કાંઇ જુની થતી નથી, તેનો સ્વામી કહેવાતો પુરૂષ પુરાણો-જુનો થાય છે, અને પોતાનો વારો આવે છે ત્યારે જેમ કર્મ નચાવે તેમ નાચીને-નાટક કરીને તે પરભવમાં ચાલ્યો જાય છે. આ પૃથ્વી તો તેના ઉપર જે બહુ રંગ કરે-બહુ મોહ કરે તેનાપર વિરંગી-તદ્દન મોહ વિનાની છે. તેણે કોઇની ઉપર મોહ કર્યો નથી અને તેવા મોહી પુરૂષોની આશા ઇચ્છા કદિ પણ પૂર્ણ થઇ નથી. આ પૃથ્વીએ તો કેટલાએ રાજાઓને રમાડ્યા છે અને કેટલાક તો તેની આશામાં ને આશામાં નિરાશ રહીને ચાલ્યા ગયા છે.”

વળી કહ્યું છે કે-‘ આ સંસારમાં મૃત્યુનો પ્રવાહ તો અખંડ વહેતોજ છે, તેમાં કોઇ કોઇની રાહ જોતું નથી, માટે જ્યારે પોતાનો વખત આવે ત્યારે પોતાને હાથે દ્રવ્યનો વ્યય કરી લેવો. ’ વળી તારા પ્રમાદમાં આવીને આવી ઘણી સવારો વહી ગઇ, અને તે ગયેલી સવાર કોઈ રીતે પાછી આવવાની નથી. માટે હે હૃદય ! તું જો. આમ ગળીયો થઇને બેસી રહીશ તો પછી તારે હાથ ઘસવા પડશે. શ્રી દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે-‘જ્યાંસુધી શરીરમાં કોઇ મહાન્ રોગ ઉદ્ભવ્યો નથી, જ્યાંસુધી જરા વૈરીણી આવી નથી અને જ્યાંસુધી ઇંદ્રિયો પોતપોતાનું કાર્ય બરાબર કરી શકે છે ત્યાંસુધી ધર્મકાર્ય કરવામાં સાવધાન થઇ જા-ધર્મ કરી લે: પછી રોગ કે જરા આવશે ત્યારે અથવા ઇંદ્રિયો કામ કરતી અટકી જશે ત્યારે તું કાંઈ કરી શકવાનો નથી. ’ જે તું તારે હાથે કરીને આપીશ તેજ તને આગામી ભવમાં પ્રાપ્ત થશે. આ બાબતમાં કુવાનું દ્રષ્ટાંત વિચારી જો કે તે જો આપે છે તો તેને મળે છે. અર્થાત્ જે કુવામાંથી પાણી ભરાય છે તેમાં પાણી આવ્યા કરે છે અને જે કુવામાંથી પાણી ભરાતું બંધ થાય છે તે કુવામાં પાણી આવતું પણ બંધ થઇ જાય છે; એટલું જ નહીં પણ જેટલું હોય છે તેટલું પણ ગંધાઇ જાય છે. આ દુનિયામાં જે વખતે આપણો સારો વખત આવે તે વખતે ઉતાવળે કામ કરી લેવાનું છે. એ બાબતમાં હરિચંદરાજા ને રાવણનું દ્રષ્ટાંત વિચારી જવું. કેમકે આ તારી યૌવનાવસ્થા અલ્પ કાળની છે.

વળી તારી પાસે દ્રવ્ય છતાં તું કોઇને આપતાં-દાનપુણ્ય કરતાં સંકોચ કરીશ નહીં અને દ્રવ્યને તેજુરીમાં કે ભૂમિમાં ગોપવી રાખીશ નહીં, કેમકે એમ કરવાથી તને પાછળથી પસ્તાવો થશે.-તને તો તારા અલ્પ ધનપર મોહ થાય છે પણ વિચારી જો કે તોરણ સહિત લંકા કે જે સાવ સોનાની કહેવાતી હતી અને જ્યાં કોટીગમે

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુવર્ણ હતું તેને પણ મૂકીને રાવણને ખાલી હાથે ચાલ્યું જવું પડયું; તે લંકાને સાથે લઈ જવાણી નહીં. વળી વિચાર કર કે 'યૌવને કોને છેતર્યાં નથી ? ક્ષુધાએ શું ખાધું નથી ? લોભીએ કોને છેતર્યો નથી ? અને કાળે કોને પોતાના ભક્ષ રૂપ કરી દગ્ધ કરી દીધા નથી ?' અર્થાત્ યૌવન ઉપર જેણે વિશ્વાસ રાખ્યો તે બધા છેતરાણા છે, સર્વ જાતિના અભક્ષ્ય પદાર્થો ક્ષુધાતુરોએ ખાધા છે, લોભીઓએ પોતાના પુત્ર કે પિતાને પણ ઠગ્યા છે અને કાળ મોટા મોટા ચક્રવર્તી રાજાઓનો પણ કોળીઓ કરી ગયેલ છે. આ પ્રમાણેની સ્થિતિ હોવાથી હે પ્રાણી ! તું નિરંતર ચેતતો જ રહેજે, તેમાં પણ અંત સમયે તો બહુ જ ચેતજે અને આ શિખામણ હૃદયમાં ધારણ કરી રાખજે.

આ જગતમાં આ જીવને આ ભવમાં કે પરભવમાં એક ધર્મ જ શરણભૂત છે, અન્ય કોઇ શરણભૂત થઈ શકે તેમ નથી, તેથી જ વારંવાર ધર્મ કરવાને માટે પ્રેરણા કરવામાં આવે છે. પ્રાણીની અશરણ્ય સ્થિતિ બરાબર સમજવા માટે **અનાથી** મુનિનું ચરિત્ર ખાસ જાણવા યોગ્ય છે, તે હવે પછીના અંકમાં આપવામાં આવશે, અને ત્યારપછી શ્રાવક શરીરચિંતા ટાળ્યા પછી આગળ શું કરણી કરે તે બતાવવામાં આવશે. ( ચાલુ. )

---

# શ્રી સુરત આગમોદય સમિતિની મીટીંગમાં આપેલું ભાષણ.

જૈનસિદ્ધાંતો કે જે સૂત્રો તથા આગમોના નામથી પ્રસિદ્ધ છે, તેની સંખ્યા પૂર્વાચાર્યોએ ૪૫ ની ઠરાવી છે. તેમાં ૧૧ અંગ, ૧૨ ઉપાંગ, ૬ છેદ, ૪ મૂળસૂત્ર, ૧૦ પયન્ના, ૨ નંદી ને અનુયોગદ્વાર–એટલાનો સમાવેશ થાય છે. પયન્નાઓ ઘણા છે, અત્યારે પણ દશ ઉપરાંત બીજા લભ્ય છે, છતાં ૪૫ આગમોની અંદર ચઉસરણાદિ ૧૦ પયન્નાનેજ ગણવામાં આવ્યા છે. છ છેદ સૂત્રો મુનિરાજના ઉત્સર્ગ અપવાદ માર્ગના બતાવનારા છે, તે વાંચવાની આજ્ઞા સાધ્વીને નથી. મુનિમાં પણ અમુક હદ તેને માટે નિર્ણિત કરેલી છે. આ સમિતિનું સ્થાપન કરવાનો મૂળ ઉદ્દેશ ૪૫ આગમો પૈકી ૬ છેદ સૂત્રોને બાદ કરતાં બાકીના ૩૯ ને પિંડનિર્યુક્તિ મળીને ૪૦ આગમો ટીકા ( પંચાંગી ) સહિત શુદ્ધ કરીને પ્રગટ કરવાનો અને તેની સાધુ સાધ્વી સમક્ષ વાંચના કરાવવાનો છે. અનેક ગુણગુણાલંકૃત, સાંપ્રતકાળે વર્તતા તમામ આગમના અભ્યાસી હોવાથી યુગપ્રધાન ગણવા લાયક, વાંચન ને પઠન પાઠનમાં સતત ઉદ્યમી **પંન્યાસજી શ્રી આનંદસાગર મહારાજની** સહાયથી આ **કાર્ય હાથ ધરવામાં આવ્યું છે અને તેમની પૂર્ણ સહાયવડેજ આ કાર્ય ધારી મુદ-**

For Private And Personal Use Only

તરમાં પાર પડવાનો સંભવ છે. તેથી આ સમિતિ શ્રી મહાપુરૂષને માટે અત્યંત માન ધરાવે છે અને તેમની પૂર્ણ આભારી છે.

કેટલાક વર્ષોથી સૂત્રો પઠન પાઠન કરવા કરાવવાની પદ્ધતિ મંદ પડી જવાથી અને લખેલા પુસ્તકો શુદ્ધ કરવાનો પ્રયાસ કરનાર–કરી શકનાર મુનિઓની સંખ્યા અલ્પ થઈ જવાથી સૂત્રોની પ્રતો ઉત્તરોત્તર અશુદ્ધ થવા લાગી કે જેથી સામાન્ય બુદ્ધિમાન્ સાધુ પણ તે વાંચી શકે નહીં અને શુદ્ધતાને અભાવે અર્થ સમજી કે કહી શકે નહીં. આ મુશ્કેલી ટાળવાના હેતુથી દરેક સૂત્રોની અનેક પ્રતો એકત્ર કરી એક પ્રતિ ( પ્રેસકોપી ) શુદ્ધ તૈયાર કરી–એક વખતનો પ્રયાસ નિરંતર ઉપયોગી થઈ પડે અને અનેક મુનિરાજ તેનો લાભ લઈ શકે તેટલા માટે તેને ઉંચા કાગળ ઉપર સુંદર ટાઈપથી શ્રેષ્ઠ ગણાતા છાપખાનામાં છપાવીને બહાર પાડવાનો નિરધાર કર્યો છે અને તે પ્રયત્ન કેટલેક દરજ્જે આગળ પણ વધેલો છે.

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને લઈને જે ફેરફાર કરવા પડે છે તે પૈકીનો આ ફેરફાર છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનું મિથ્યા આલંબન લઈને મનમાન્યા ફેરફાર કરી શકાતા નથી. પ્રથમ સૂત્રો મુખપાઠે હતા–મુખેથીજ ભણાવવામાં આવતા હતા, ત્યારે તેને લખાવવાની પણ જરૂર નહોતી, પછી જ્યારે તેવી સ્મરણશક્તિ ન રહી–મંદ પડવા લાગી ત્યારે શ્રી દેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણ મહારાજાએ ૫૦૦ આચાર્યોને એકત્ર કરી શ્રી વલ્લભીપુરમાં આજથી ૧૫૦૦ વર્ષ અગાઉ તેને લખ્યા લખાવ્યા અને તેનો વિનાશ થતો અટકાવી મહાન્ પુણ્ય પ્રાપ્ત કર્યું. આધુનિક સમયમાં છાપખાના વિગેરેના ઉપયોગી સાધનો પ્રાપ્ત થવાથી તે સૂત્રોની પ્રતિઓ શુદ્ધ કરી છપાવીને બહાર પાડવાનો પ્રયત્ન શરૂ કરવામાં આવ્યો છે. આવી રીતે છપાવાથી પ્રથમ કરતાં ઓછી મુશ્કેલીએ–અથવા તો વગર મુશ્કેલીએ સૂત્રોની પ્રતિઓ લભ્ય થઈ શકે તેમ થયું છે પરંતુ તેટલા ઉપરથી તે વાંચવાના–તેનું પઠન પાઠન કરવાના અધિકારી શ્રાવકો પણ થઈ ગયા એમ માનવા જેવું નથી. કારણ કે જો શ્રાવકને વાંચવાનો અધિકાર હોત તો અદ્યાપિ પુસ્તકોના ભંડારો તો શ્રાવકોના કબજામાંજ છે, પરંતુ ખાસ કારણસર તે વાંચવાનો અધિકાર મુનિરાજને આપવામાં આવ્યો છે અને સાંભળવાનો અધિકાર શ્રાવકોનો રાખવામાં આવ્યો છે. આના અનેક કારણો છે પણ તે શ્રદ્ધા વિના હૃદયમાં ઠસી શકે તેમ નથી. અન્ય દર્શનોના શાસ્ત્રોમાં પણ અધિકારી તો ઠરાવવામાં આવેલ જ છે. આડકતરી રીતે આપણે વ્યવહારિક કેળવણીની અંદર પણ અધિકારીનું ધોરણ વારંવાર સ્વીકારીએ છીએ અને તેથીજ જુદી જુદી લાઇનના લેનારા બીજી લાઇનવાળાની બુકો હાથમાં લઈ તે વાંચીને સમજાવી કે સમજી શકતા નથી. આ બાબત વધારે વિવેચન કરવાની આવશ્યક્તા નથી, કારણ કે હાલમાં 'સૂત્રો શા માટે શ્રાવકો ન વાંચે ?' એ પ્રશ્નનો પવન ફેલાયેલો જણાય છે. પરંતુ કોઇ પણ પ્રકારે તેના રહસ્યના યથાર્થ સમજનાર મુનિ પાસેથી તે સાંભળવા

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વધારે શ્રેયસ્કર છે. અને તત્વના જીજ્ઞાસુઓ માટે તે જ સૂત્રોમાંથી ઉદ્ધરીને અલ્પજ્ઞ જીવો પણ સમજી શકે તેવી ઢબમાં અનેક ગ્રંથો બનાવવામાં આવેલા છે તે સૂત્રરૂપ મહાન્ જળાશયના નિઝરણા જ છે. તેનું પૂર્ણ અવગાહન કરવામાં આવે તો આ મનુષ્યપણાની આખી જીંદગી પણ ટુંકી પડે તેમ છે. એટલે પછી અધિકારનો નિયમ ઉલંઘવાની આવશ્યકતા જણાતી નથી.

અહીં સૂત્રોના ભાષાંતરોના સંબંધમાં પણ ખુલાસો કરવાની આવશ્યકતા છે. સુજ્ઞ શ્રાવકો કે મુનિઓ ભાષાંતરથી વિરૂદ્ધ છે એમ નથી. પ્રથમ પણ સૂત્રોપર ટબા ને બાળાવબોધ થયેલા છે, પરંતુ જે મૂળસૂત્રોના ટીકાનુસારાર વાસ્તવિક અર્થ સમજી શકે તેમ હોય અને પૂર્વાપર હકીકતના જાણનાર હોય તેવા મુનિઓ પોતે ભવ્યજીવોને ઉપકારક થવાને યોગ્ય લાગે તે સૂત્રોનું ભાષાંતર કરે અને તે બીજા વિદ્વાન મુનિને બતાવી તેમાં કાંઈ પણ લખાણ વિરોધવાળું નથી એવી ખાત્રી મેળવે તો પછી તે છપાવીને બહાર પાડવામાં અમને વાંધો જણાતો નથી. પરંતુ જૈન શાસ્ત્રના વાસ્તવિક બોધ વિનાના–પ્રકરણાદિકના પણ બોધ વિનાના અલ્પજ્ઞ શ્રાવકો કે અન્ય દર્શની પંડિતો કોઈ પણ સૂત્રનું ભાષાંતર કરે અને તે અનુભવી વિદ્વાન્ મુનિરાજને બતાવીને તેનાપર અવિરોધીપણાનો સિક્કો કરાવ્યા શિવાય છપાવીને બહાર પાડે તો તે પ્રમાણભૂત ગણાય નહીં, એટલું જ નહીં પણ તેમાં કેટલીક વખત અર્થનો અનર્થ પણ થઇ જાય અને તેના વાંચનારને લાભને બદલે ટોટો થવાનો વખત પણ પ્રાપ્ત થાય. આવા ભાષાંતરોને માટે વિરોધ બતાવવામાં આવે છે તે અમને તો વાસ્તવિક જણાય છે.

આ સમિતિના અંગનું બીજું કાર્ય સૂત્રોની વાંચના કરાવવાનું છે. તે પણ ઉક્ત પંન્યાસજી મહારાજના પ્રયાસથી જ શરૂ થયેલું છે અને આગળ વધેલું છે. પાટણ, કપડવંજ ને અમદાવાદ વાંચનાનું કાર્ય ચાલ્યા પછી હાલમાં અહીં વાંચના ચાલે છે. જેનો લાભ સંખ્યાબંધ સાધુ–સાધ્વીઓ છપાયેલી પ્રતો પણ રાખીને લે છે. પન્યાસજી સૂત્ર ને ટીકા વાંચવા સાથે તેનો અર્થ પણ કરતા જાય છે, તેથી શ્રવણ કરનાર શ્રાવક–શ્રાવિકાઓ પણ તેનો લાભ સારી રીતે મેળવી શકે છે. શ્રી દશવૈકાલિક સૂત્ર, સૂત્રકૃતાંગ સૂત્ર, વિશેષાવશ્યક, અનુયોગદ્વાર, ઉવવાઈસૂત્ર, આચારાંગ ને આવશ્યકાદિ સૂત્રોની વાંચના થઇ ગઇ છે. દરરોજ બે ટંક થઇને ચાર કલાક વાંચનાનું કામ ચાલે છે. એ પ્રયાસ પણ પંન્યાસજી આણંદસાગરજી જ લે છે. એમના સતત પ્રયાસને માટે તેમને જેટલો ધન્યવાદ આપીએ તેટલો થોડો છે. ખરેખરી રીતે તેઓ અત્યારે સૂત્રોદ્ધારકના બીરૂદની યોગ્યતા ધરાવે છે.

આ પ્રસંગમાં એક હર્ષિત થવા લાયક હકીકત એ પણ છે કે-કાળની વિષમતાને પ્રભાવે કુસંપે શ્રાવક વર્ગમાંથી આગળ વધીને સાધુ–સાધ્વીમાં પણ પોતા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ના પગથિયાંરો કર્યો છે. તેવા વખતમાં અનેક મુમુક્ષુઓ-અનેક સંઘાડાના સાધુ-સાધ્વીઓ એકઠા મળી એક સરખી રીતે-નિઃપક્ષપાત સિવાય વાંચનાનો લાભ મેળવે છે, અને તેઓમાં કુસંપની કાળી છાયા સ્વલ્પ પણ દૃષ્ટિગોચર થતી નથી. આ અત્યંત લાભનો વિષય છે. મુનિગણમાં સંપવૃદ્ધિ થવાની આ પ્રનાલિકા છે. આવી રીતે વધતાં વધતાં જો સમસ્ત મુનિગણમાં પૂર્વવત્ ઐક્યતા થઇ જાય તો તે શાસનને અત્યંત લાભકારક છે. તેમ થવાથી અનેક પ્રકારના લાભ થઇ શકે તેમ છે.

આ સમિતિના મેમ્બરોની સંખ્યા સારી હોવા છતાં માત્ર ૫ સેક્રેટરીઓ અને ૫ મેમ્બરો મળી કુલ-દશ ગૃહસ્થોની જ અહીં હાજરી જોવામાં આવે છે, પરંતુ આ મીટીંગનો લાભ લેવા માટે પધારેલા અત્રેના સંખ્યાબંધ ગૃહસ્થોથી આ સમિતિનું કાર્ય શોભી નિકળ્યું છે. તેમજ આ સમિતિના કાર્ય પ્રત્યે સહાનુભૂતિ ધરાવનારા ગૃહસ્થોની સંખ્યા સારી હોવાનું તેથી સૂચવન થાય છે. નહીં પધારી શકેલા મેમ્બરો હવે પછીની મીટીંગ વખતે અવશ્ય પધારશે એવી આશા રાખવામાં આવે છે.

સદ્ભાગ્યે આ જમાનાની માઠી અસર આપણા મુનિવર્ગ ઉપર બીલકુલ થઇ નથી. તેના વેશ ઉપર, ખાનપાન ઉપર અને ક્રિયાકાંડ વિગેરે ઉપર તેની અસર થયેલી જણાતી નથી. અન્ય દર્શનીના ગુરૂ કહેવાતા વર્ગ ઉપર જમાનાએ પોતાની અસર એટલી બધી જમાવી દીધી છે કે તેનામાં કેટલે અંશે ગુરૂપણું છે તેનો નિર્ણય કરવો તે પણ મુશ્કેલ થઇ પડેલ છે. પ્રસંગોપાત કહેવું પડે છે કે સાધ્વીના વેશમાં જે ફેરફાર થવા લાગ્યો છે અને પાતળા મલમલના કપડા વાપરવાની પ્રવૃત્તિ વધી પડી છે તે બીલકુલ બંધ કરવા લાયક છે. તેની પ્રવૃત્તિ વધવાથી અનેક પ્રકારની હાનીનો સંભવ છે.

છપાવવાના કાર્યમાં એકાંત લાભજ છે એમ કહી શકાય તેમ નથી, કેમકે તેની અંદર આશાતના વિગેરેનો પણ સંભવ છે. અને તેમાં કેટલીક તો તદન અનિવાર્ય છે. તો પણ જેટલી બની શકે તેટલી જો તેમાં સંભાળ રાખવામાં આવે તો આશાતના ઓછી થઇ શકે તેમ છે. કોઇ પણ ધર્મ કાર્યમાં જેમ નફો ટોટો વિચારવાની જરૂર પડે છે અને તેવા વિચારથીજ દેવપૂજાદિ ધર્મકરણી કરવામાં આવે છે તે પ્રમાણે આ કાર્ય માટે પણ સમજવાનું છે. કેમકે પ્રતો લખાવવાના પ્રસંગમાં પણ લહીયાઓ વિગેરે તરફથી પુસ્તકોનું બહુમાન યથાયોગ્ય જળવાતું નથી અને આશાતના થાય છે તે દેખીતી હકિકત છે.

બાબુસાહેબ ધનપતસિંહજી બહાદુરે આને લગતાજ કાર્યને અંગે મોટી રકમનો વ્યય કરેલો હતો, પરંતુ તેમાં કાર્યવાહકોની ખામીને લીધે ખર્ચ ઘણો થયો છતાં તેનું ઉપયોગીપણું ઓછું થયું અને આશાતના ઘણી થઈ. આ

For Private And Personal Use Only

હકીકત કાર્ય કરતાં સાવધ રહેવા માટે યાદ રાખવાની છે. ખર્ચ કરતાં વધારે ધ્યાન આપવા લાયક બાબત શુદ્ધતાની છે, તેની ઉપર હાલમાં પૂરતું ધ્યાન આપવામાં આવતું હોવાથી તે બીના સંતોષ ઉત્પન્ન કરે છે.

આપણા કાર્યમાં **ઝવેરી દેવચંદ લાલભાઇ પુસ્તકોદ્ધાર ફંડ** તરફથી પણ સારી સહાય મળી છે. તેઓ પણ અવાર નવાર બે ત્રણ સૂત્રો છપાવવાનું કામ પોતાની તરફથી ચલાવે છે એટલે આપણું કામ વહેલું આગળ વધી શકે છે. તે સંબંધમાં તેના કાર્યવાહકોનો આભાર માનવા યોગ્ય છે. તે સાથે આ સમિતિને આર્થિક સહાય મેળવી આપવામાં મોટે ભાગે **સુશ્રાવક વેણીચંદભાઈ સુરચંદ** નોજ અમોઘ પ્રયાસ છે અને તેથીજ સમિતિ સારી રકમ મેળવી શકી છે, માટે આ પ્રસંગે તેમનો અને બીજા સહાયકોનો પણ આભાર માનવામાં આવે છે.

સમિતિ તરફથી છપાતા સૂત્રોની આજસુધી ૫૦૦–૫૦૦ નકલો છપાવવામાં આવતી હતી, પરંતુ માગણીની સામે ન પહોંચી વળવાથી હવે ૭૫૦ થી ૧૦૦૦ નકલો છપાવવાનું મુકરર કરવામાં આવ્યું છે. અને ગ્રાહકોને માટે પણ એક એવી સ્કીમ ગોઠવવામાં આવી છે કે તેના ખરીદનાર તરફથી નકલ ન મળવાની ફરીયાદ હવે પછી કરવાનો અવકાશ રહેશે નહીં. એ સ્કીમ સમિતિ તરફથી બહાર પાડવામાં આવેલી જાહેરખબર ઉપરથી જાણવામાં આવશે. (તે જાહેરખબર આ અંક સાથે જ વહેંચવાની છે.)

જૈનધર્મનો ખાસ આધાર જૈનાગમો ઉપર છે. તેમાં પરમાત્માની પોતાની જ વાણી છે, ગણધર મહારાજાએ તે ગુંથેલી છે, પૂર્વાચાર્યોએ તેને જાળવી રાખેલી છે અને શ્રીદેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણ મહારાજાએ આ કાળના જીવોની બુદ્ધિ તથા આયુ વિગેરેની સ્થિતિનો વિચાર કરીને તેની ઘટિત સંકળના કરી સૂત્ર પાઠે ચઢાવેલી છે. સર્વ શાસ્ત્રોમાં સૂત્રો વિશિષ્ટ માનનીય છે. તો તેને સંપૂર્ણ માનની દૃષ્ટિએ જોવા સાથે તેના ઉદ્ધારને લગતા આ અત્યુત્તમ કાર્યમાં તન મન ધનથી સહાય આપવાની જરૂર છે અને તેવી દૃઢ લાગણી બતાવી આપવાથી જ તેના પ્રત્યે આપણો ભક્તિભાવ છે એમ પ્રદર્શિત થઇ શકે છે.

આગમો શ્રાવકોએ વાંચવા ન વાંચવાનો સવાલ બાજુ ઉપર રાખતાં તેનો સંગ્રહ કરવો એ તો પ્રત્યેક શ્રીમાન્ જૈન બંધુઓનું કર્ત્તવ્ય છે. પૂર્વે લાખોગમે દ્રવ્ય વાપરી રાજા–મહારાજાઓ અને શેઠ શાહુકારો તેના ભંડારો કરાવી ગયા છે. તો અત્યારે આવી સ્વલ્પ કિંમતે મળતી અપૂર્વ વસ્તુનો સંગ્રહ કરી તેનો યોગ્ય લાભ તેના અધિકારીને આપવામાં પ્રમાદ કરવો યોગ્ય નથી. શ્રાવકભાઇઓના ઘરમાં પણ આવો સંગ્રહ કરવા યોગ્ય છે અને તેમ થશે તોજ પછી મુનિરાજને હાલમાં વળગી પડેલી પુસ્તકોના સંગ્રહની વીટંબણા ઓછી થઈ શકશે. આ બાબત હું

[illegible] ઓનું ખાસ લક્ષ ખેંચું છું. શ્રીમાન્ ગૃહસ્થોએ પોતાના ઘરમાં [illegible] ગ્રન્થોનો સંગ્રહ કરી દ્રવ્યના વારસા સાથે તેનો વારસો પણ પોતાની સંતતીને આપવો યોગ્ય છે. બીજા વારસાનું મૂલ્ય છે, આ અમૂલ્ય વારસો છે. બીજો વારસો અનર્થ પણ ઉપજાવે છે અને આ વારસો તો તેનું એકાંત હિત જ કરે છે.

આ સમિતિના કાર્યારંભને લગભગ બે વર્ષ થયા છે અને આશા રાખવામાં આવે છે કે બીજા ત્રણ–ચાર વર્ષમાં સમિતિના અંગનું પંચાંગી સમેત સૂત્રો છપાવવાનું કામ પૂર્ણ થઇ શકશે. આ કાર્ય આપણા જૈનસમાજનું છે એમ સમજી તેના પ્રત્યે પક્ષબુદ્ધિથી ન જોતાં સમાનભાવથી તેની સામે દૃષ્ટિ કરશો અને તેને યોગ્ય સહાય આપવા તન મન ધનથી ઉદ્યુક્ત થશો. એટલી શ્રી સંઘને વિનંતિ કરીને મારૂં બોલવું સમાપ્ત કરૂં છું. તા. ૨૬–૫–૧૭ શનિવાર.

કુંવરજી આણંદજી.

---

## શ્રી આગમોદય સમિતિની સુરત ખાતે મળેલી વાર્ષિક સાધારણ સભાનો ટુંક રિપોર્ટ.

સુરતમાં શેઠ નેમુભાઇની વાડીમાં તા. ૨૬–૨૭ ના રોજ ઝવેરી મગનભાઇ પ્રતાપચંદના પ્રમુખપણા નીચે મીટીંગ ભરવામાં આવી હતી. જે વખતે બહારગામના અને સુરત શહેરના મેંબરો તથા બીજા અનેક સંભાવિત ગ્રહસ્થોએ સારી સંખ્યામાં હાજરી આપી હતી. શા. વેણીચંદ સુરચંદ, ઝવેરી જીવણચંદ સાકરચંદ, શા. કુંવરજી આણંદજી, શેઠ ભોગીલાલ હાલાભાઇ અને શેઠ ચુનીલાલ છગનચંદ શ્રાફ–એ પાંચ સેક્રેટરીઓ અને શેઠ રાયચંદભાઇ દુલભદાસ ( કાઠીયાવાડી ) તથા શેઠ મગનભાઇ પ્રતાપચંદ ( સુરત ) વિગેરે મેમ્બરો પધાર્યા હતા. શરૂઆતમાં માસ્તર રૂપચંદ જયમલદાસે મંગળાચરણ કર્યા બાદ માસ્તર વલ્લભદાસ હાલાભાઇએ આમંત્રણ પત્રિકા વાંચી સંભળાવી હતી. ત્યારબાદ શ્રી પાટણ નિવાસી શેઠ ભોગીલાલ હાલાભાઇએ પ્રમુખ તરીકેની દરખાસ્ત મૂકતાં જણાવ્યું કે–જેમણે સુરત શહેરમાં અનેક પારમાર્થિક કાર્યો કર્યાં છે એવા ધર્મચુસ્ત ગ્રહસ્થ ઝવેરી મગનભાઇ પ્રતાપચંદને આ સભાના પ્રમુખસ્થાને બિરાજવાને હું વિનંતિ કરૂં છું, જેને શેઠ ચુનીલાલ છગનચંદ શરાફ તરફથી અનુમોદન મળતાં તાળીયોના ગડગડાટ વચ્ચે શ્રીયુત્ મગનભાઇએ પ્રમુખસ્થાન અલંકૃત કર્યું હતું. ત્યારબાદ [illegible] સમિતિનો સં. ૧૯૭૧ ના ફાગણ વદી ૮ થી સં. ૧૯૭૩ ના વૈશાખ વદી ०)) [illegible]નો રીપોર્ટ શ્રીયુત્ ચુનીલાલ છગનચંદ શરાફે અને હિસાબ શેઠ ભોગીલાલ

હુલાસાથે તે પંથી માં આવ્યો હતો. ત્યારબાદ રજુ થએલ રીપોર્ટ તથા હીસાબ મંજુર કરી છપાવવાની દરખાસ્ત શ્રીયુત્ કુંવરજી આણંદજીએ મૂકી હતી. જેને રા. રા. સુરચંદ પુરૂષોત્તમદાસ બદામી તરફથી અનુમોદન મળતાં દરખાસ્ત સર્વાનુમતે મંજુર કરવામાં આવી હતી આ પ્રસંગે શા. કુંવરજીભાઇએ આ સમિતિની આવશ્યક્તા, સૂત્રો પંચાંગી સમેત છપાવવાની તેમજ તેની વાંચના અપાવાની જરૂરીયાત, તેના અધિકારીઓ, જુદા જુદા ગચ્છ અને સમુદાયના મુનિઓ વાચનામાં ભાગ લે છે તેનો હર્ષ વિગેરે બાબત ઉપર બહુજ અસરકારક શબ્દોમાં વિવેચન કર્યું હતું. ત્યારબાદ બીજે દિવસે મૂકવાના ઠરાવો માટે સબજેક્ટ કમીટી નીમી, પ્રથમ દિવસની મીટીંગ વિસર્જન કરવામાં આવી હતી. બીજે દિવસે આ મીટીંગમાં ભાગ લેવા માટે ખાસ કરીને શ્રી મુંબાઇથી રા. રા. મોતીચંદ ગીરધરલાલ કાપડીયા, શેઠ નરોત્તમદાસ ભાણજી, અમરચંદ ઘેલાભાઇ, ચતુર્ભુજ મોતીલાલ ગાંધી, નાનચંદ ઓધવજી, હીરાલાલ અમૃતલાલ પુરૂષોત્તમદાસ અને ઝવેરી અમરચંદ કલ્યાણચંદ સૌભાગ્યચંદ એ ગ્રહસ્થો પધાર્યા હતા, જેથી સભાની શોભામાં વૃદ્ધિ થઇ હતી. આ દિવસે સમિતિની વ્યવસ્થા સંબંધી જરૂરી ઠરાવો મંજુર કરવામાં આવ્યા હતા. જે સમિતિ તરફથી છપાતા રીપોર્ટમાં વિગતવાર આપવામાં આવશે. ત્યારબાદ પ્રમુખસાહેબનો આભાર માનવાની દરખાસ્ત શેઠ કુંવરજી આણંદજીએ મૂકી હતી તેને ઝવેરી મોતીચંદ ગુલાબચંદ તરફથી અનુમોદન મળ્યા બાદ સભા વિસર્જન કરવામાં આવી હતી.

# साचा मित्रनां लक्षण.

"पापान्निवारयति योजयते हिताय, गुह्यं निगूहते गुणान् प्रकटीकरोति;
आपद्गतं न च जहाति ददाति काले, सन्मित्रलक्षणमिदं प्रवदन्ति धीराः "

દુઃખ વિપાકને દેવાવાળાં અને આત્માને મલીન કરનારાં યાવત્ નીચી ગતિમાં લઇ જઇ ભવ અટવીમાં વારંવાર ભમાવનારાં હિંસા, અસત્ય, અદત્ત-ચોરી, મૈથુન-વિષયલાલસા, પરિગ્રહ-માયા મમતા, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન-મિથ્યાઆળ, પૈશુન્ય-ચાડી, રતિ અરતિ-ઇષ્ટ અનિષ્ટમાં પ્રીતિ અપ્રીતિ, પરપરિવાદ-નિંદા, માયા મૃષાવાદ-છેતરપીંડી અને મિથ્યાત્વશલ્યરૂપ સકળ પાપસ્થાનકોથી જે આપણને સમજાવી પાછો વાળે, તેતે પાપમળથી આપણા આત્માને મલીન થતો અટકાવે, એટલું જ નહિ પણ જે જે સુકૃત્યોથી આપણે સુખી થઇ શકીએ એવા હિતમાર્ગમાં આપણને જોડી આપે, આપણને સદા ઉન્નતિના જ માર્ગે ચાલવા પ્રેરણા કરે; આપણામાંના દોષની ઉપેક્ષા કરે-દોષને ઉઘાડા કરી આપણી

વિનિપાત થાય તેવું કદાપિ ન કરે. પરંતુ દોષ માત્ર દૂર થાય તેવો કાળજીપૂર્વક પ્રયત્ન કરે, તેમ જ અન્ય જનો જેનું અનુકરણ કરી ઉન્નતિ પામી શકે એવા જે સદ્દગુણો તેમને જણાય તે પ્રસિદ્ધ કરે, જેમ સુગંધી પુષ્પના પરિમલને પવન દૂર-તર પ્રસારે છે તેમ સામાના સદ્દગુણોને સ્તુતિ પ્રશંસાદ્વારા જનસમૂહમાં વિસ્તારવા કોશીશ કરે; અને સુખ દુઃખમાં સમભાગી રહે, ખરી આપદામાં કસોટીના વખતે ત્યાગ નહિ કરતાં તેવા પ્રસંગે અધિક કાળજીથી તેનો ઉદ્ધાર કરવા તન, મન, ધનનો બનતો ભોગ આપે, બીલકુલ સ્વાર્થી નહિ પણ સ્વાર્થત્યાગી જ બને. ખરા મિત્રમાં ઉપર મુજબ લક્ષણો હોય છે એમ જ્ઞાની પુરૂષો પ્રગટ કહે છે. ઉક્ત ગુણો પ્રગટાવવા આપણામાં બળ-સામર્થ્ય પ્રગટે અને સ્વપર હિત કરવાની અનુકૂળતા થાય.

સાર—ખરેખર જો આપણને આપણી જાતના ( પોતાના ) તેમજ અન્યના સાચા મિત્ર જ થવાની ઇચ્છા હોય તો પ્રથમ આપણને જાતે જ હરેક પાપસ્થાનકથી દૂર રહેવું જોઇએ. હિંસા, અસત્ય, અદત્ત, મૈથુન અને પરિગ્રહાદિકથી વિરક્ત બની નિષ્પૃહતાથી દયા, સત્ય, અચૌર્ય, શીલ, સંતોષાદિક સદ્દગુણોને દ્રઢ મનથી ધારવા જોઇએ. પરોપદેશે પાંડિત્યના તજી આપણી જાતનેજ પ્રથમ શિખામણ આપી સુધારવી જોઇએ-શાણી કરવી જોઇએ. આપણે પ્રમાદ પટલને પરિહરી, સ્વાશ્રયી બની, સ્વપુરૂષાર્થ બળે અહિતમાર્ગ તજી, હિતમાર્ગનો જ આદર કરવો જોઇએ, તેમાં સ્ખલના થવા દેવી નહિ જોઇએ. થતી સ્ખલના દૂર કરી હિતમાર્ગમાં અસ્ખલિત પ્રયાણ કરવું જોઇએ. કોઇના પ્રત્યે પ્રતિકૂલતા ભર્યું આચરણ કદાપિ નહિ કરતાં સદા અનુકૂળ-સુખકારી આચરણ જ આચરવા ખાસ લક્ષ રાખવું જોઇએ. પારકાં છિદ્ર ( ચાંદાં ) નહિ જોતાં હંસની પેરે સારગ્રાહી બની સદ્દગુણને જ ગ્રહણ કરી લેતાં શીખવું જોઇએ. ઝવેરીની પેરે ગુણની કદર કરવી જોઇએ. જાતે સદ્દગુણી બની સદ્દગુણવંત તરફ પૂર્ણ પ્રેમ રાખવો જોઇએ. નિઃસ્વાર્થપણે શુદ્ધ પ્રેમી બનવું જોઇએ. સ્વાત્માર્પણવડે સ્વાર્થત્યાગી થવું જોઇએ. દુઃખી જનોને દીલાસો તન મન ધનથી દઇ તેમને દુઃખમુક્ત કરવા બનતો પ્રયત્ન કરવો જોઇએ. તેમનું દુઃખ દેખી દીલ દ્રવિત થવું જોઇએ અને તે દુઃખને નિર્મૂળ કરવા બુદ્ધિબળથી વિચારી યોગ્ય ઉપાય યોજવા જોઇએ. તેમ કરતાં કંટાળો લાવવો નહિ જોઇએ. ધીરજ આપીને અને ધીરજ રાખીને સફળ પ્રયત્ન કરવો જોઇએ. તેમજ વળી સુખ સમૃદ્ધિવંતને અને સદ્દગુણશાળી સજ્જનોને નિહાળી દીલમાં સંતોષ-આનંદ-પ્રમોદ લાવવો જોઇએ. કેમકે ઉત્તમ ગુણોને આપણામાં આકર્ષવાનો એ અતિ ઉત્તમ અને સરલ માર્ગ કહ્યો છે. સાચા મિત્રનાં આવા અનુકરણ કરવા યોગ્ય લક્ષણો (ગુણો) શાસ્ત્રકારે વખાણ્યા છે તે આપણને પ્રાપ્ત થાઓ ! ઇતિશમ્. સન્મિત્ર કર્પૂરવિજયજી.